સપ્ટેમ્બર, ૨૦૨૫

અંક - ૦૩

# પરિવર્તન

DR. K. R. SHROFF FOUNDATION




Dr. K. R Shroff Foundation અને
સંલગ્ન સંસ્થાઓએ કરેલાં કામોની વિગતો












વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM),
ડૉ.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન(KRSF) અને વિમુક્ત ફાઉન્ડેશન સંચાલિત




વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM),

## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત

**સ્થાપકની કલમે** ૦૩

**શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓ**

- શ્રેષ્ઠતાનું સન્માન ૦૫
- કાર્યનું મૂલ્યાંકન કરવા નિયમીત સમિક્ષા બેઠકો ૦૭
- પાદુલેન્ના વાડુ, જીવિત મુન્ના વાડુ ૦૯

**અમારા શિક્ષકોનું કાર્ય**

- એક શિક્ષકે વર્ગખંડમાં સિલાઈ મશીન મુક્યું ૧૧
- આ શિક્ષક અભિનેતા કરતા પણ વધુ રોલ ભજવે છે ૧૩
- કુવામાં હોય તો હવાડામાં આવે!! એવા ખુબ ઊંડા અમારા કુવાઓ ૧૫
- NMMS ૧૭
- અમારા પ્રેમિલાબહેન કમાતા થયા અને મા-બાપને ભેટમાં બળદની જોડી આપી ૧૯

**સ્વાવલંબન**

- સ્વનિર્ભર બનવાની ઝુંબેશ ૨૧
- નિઃશુલ્ક પ્રશિક્ષણ આપી બેરોજગાર યુવાનોને નોકરીએ લગાડ્યા ૨૨
- એક સાયકલ - ૧૦,૦૦૦ રૂપિયાથી જીંદગી બદલાઈ જાય! ૨૪
- ઈશ્વર જ મારુ ધ્યાન રાખે નહીં તો સંકટની ઘડીમાં સાથે આવ્યા નહોત! ૨૬
- અમારી પાસેથી લોન લઈને સક્ષમ થયેલા વ્યક્તિઓનું સન્માન તેમજ બચત મંડળ બનાવી આર્થિક સક્ષમ થવા માંગતી બહેનોની વાત ૨૭

## સંસ્થાના વિવિધ કાર્યક્રમો હેઠળ થઈ રહેલા કામની વિગત

### વૃક્ષઉછેર


- વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ KRSF દ્વારા ધરતીને હરિયાળી કરવાના પ્રયત્નોને બિરદાવ્યા ૩૦
- એક પેડ માં કે નામ ૩૨
- ‘‘એક વખત ભરોસો કરીને અમારા ગામમાં વૃક્ષો વાવો, અમે જીવની જેમ જતન કરીશું.’’ ૩૪
- ઝાડના ફળ જેને જેટલા ખાવા હોય તે મફત ખાય ૩૬


### જળ વ્યવસ્થાપન


- બનાસકાંઠામાં નર્મદા ડેમ જેવું તળાવ ૩૮
- ધરતીની રક્તવાહીની એવા જલમંદિરનો જીર્ણોદ્ધાર ૪૦


### મળેલ સુખ વહેંચ્યુ


- આદિવાસી સમુદાય સાથે કામ કરવાનો લ્હાવો ૪૨
- ઇસ સાઈડ સે કચરા ડાલોગે તો ઉસ સાઈડ સે કાલા સોના નિકલેગા ૪૫
- કારીગરને બિઝનેસ મેન/વુમન બનાવવાની નેમ ૪૭
- એક ડગલું  બાળકોના સ્વાસ્થ્ય માટે ૪૯
- ગામડાંના ઘરોમાં આરોગ્યનો દીવો ૫૧
- વલ્લભ વિદ્યા વિહાર પાનસર ૫૩
- પહેલા તમે બદલાવ લાવો, પછી સંસ્થા બદલાશે ૫૫

# સ્થાપકની કલમે...



''બાળકોની આંખોમાં ઊંડા ઊતરી જાઓ, તો તમને ભવિષ્યનો ચહેરો દેખાશે. એ આંખોમાં જ્યાં પ્રશ્નો હોય, ત્યાં જવાબોની જરૂર છે. જ્યાં અંધારું હોય, ત્યાં પ્રકાશની જરૂર છે. અને જ્યાં સપનાઓ  હોય, ત્યાં એ સપનાઓને પાંખો આપવાની જરૂર છે.'' આ બધું કરશે કોણ? આપણે જ કરવું પડશે...

જીવન એ ફક્ત જીવવા માટે નથી, પણ જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે છે. અને જ્યારે આપણે સમાજના ઉત્થાન માટે કાર્ય કરીએ, ત્યારે જ આપણું અસ્તિત્વ સાર્થક બને છે. આવી  સમજ અને સેવાભાવના સાથે ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન (KRSF)ની ૨૦૧૨માં અમે શરૂઆત કરી, જે આજે ગુજરાતના ૧૭ જિલ્લાઓના ૧,૨૦૦થી વધુ ગામોમાં શિક્ષણ, પર્યાવરણ, જળસંચય, સ્વરોજગાર અને આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યું છે.

આપણા દેશના ગામડાઓમાં હજુ પણ શિક્ષકોની ખોટ છે. KRSF એ આ સમસ્યાને ઓળખી અને સરકાર સાથે રહીને ''પૂરક શિક્ષક''ની અનોખી પદ્ધતિ દ્વારા ૮૧,૨૦૦થી વધુ બાળકોને શિક્ષણ આપવામાં નિમિત્ત બન્યું. અમારા શિક્ષકો બાળકોને ગણિત, વિજ્ઞાન, ભાષા ભણાવવાનું તો કરે સાથે સાથે એમના સંસ્કાર સિંચન થકી તેમનામાં આત્મવિશ્વાસનાં બીજ વાવવાનું પણ કરે.

પણ સાચું કહું તો, અમારી આ દોડ ખાલી શાળાઓના પાટિયા કે બેંચ સુધી નહોતી. અમને હંમેશાં એવું લાગ્યું છે કે જ્ઞાનની સાથે સાથે બાળકો જ્યાં ભણે તે વાતાવરણ પણ સારું હોવું જોઈએ. એટલે જ તો અમે બાળકો સાથે મળીને શાળા પરીસર તેમજ ગામમાં અને બાળકોના ઘરની પાસે વૃક્ષો વવડાવવાની શરૂઆત કરી. બાળકો આ કાર્યમાં જોડાય, નાનપણથી પર્યાવરણ પ્રત્યે સંવેદના કેળવે તે હેતુસર શરૂ કરેલી આ ઝૂંબેશમાં બાળકોની સાથે સરકારી શાળાના શિક્ષકો અને KRSF ટીમના શિક્ષકો જોડાયા અને સૌએ સાથે મળીને ૧ લાખ કરતા વધારે વૃક્ષો વાવ્યા. આ વૃક્ષોનું જતન બાળકો કરી રહ્યા છે.

આવું જ મજાનું કાર્ય અમે VSSM સંસ્થા સાથે મળીને કરીએ. જંગલ વિભાગ, VSSM સાથે મળીને KRSF પાંચ લાખ વૃક્ષો વાવી ઉછેરવાનું કરે. આપણી ભાવી પેઢી માટે કરવા જેવું આ કાર્ય સુંદર રીતે થતું જોઈને આનંદ થાય છે.

વૃક્ષ વાવી તેના જતનનું કાર્ય જેટલું અગત્યનું એટલું જ અગત્યનું જળ બચાવવાનું કાર્ય. તળાવો જળ સંગ્રહ માટેનું સૌથી મોટુ માધ્યમ. આમ તો ધરતીની રક્તવાહિની. પણ

બોરવેલની ટેકનોલોજી આવી પછી ગામોમાં તળાવો નામશેષ થવાની કગાર પર પહોંચ્યા. લોકોએ તળાવ સામે જોવાનું બંધ કર્યું. લોકો ભૂલ્યા કે, તળાવો ભરાયેલા રહેશે તો એમના બોરવેલ પણ જીવતા રહેશે. આમ તો આપણી આખી પૃથ્વી પર પાણી મબલક પ્રમાણમાં મળે પણ આપણે વાપરી શકીએ તેટલું પાણી માત્ર ૦.૩ ટકા જ છે. માટે એનો ઉપયોગ વિવક પૂર્ણ રીતે કરવો જરૂરી. ઉત્તર ગુજરાતના ૪૭માંથી ૩૪ તાલુકામાં ભૂગર્ભજળ જોખમી સ્થિતિએ પહોંચ્યા છે ત્યાં અમે VSSM સાથે મળીને જળસંચયના કાર્યો કરીએ.

આ સિવાય લોકોને રોજગારી મળે તે પ્રકારના કાર્યોની સાથે સાથે આરોગ્ય વિષયક ટૂંકમાં જે રીતે થાય તે રીતે સમાજને ઉપયોગી થવાનું અમે કરીએ છીએ.

ગુજરાતના કે દેશના કોઈ ખૂણે બેસીને ચૂપચાપ પોતાનું સેવાકાર્ય કરતી અનેક સંસ્થાઓને હામ આપવામાં પણ અમે નિમિત્ત બન્યા છીએ.

વર્ષો પહેલા દેશ માટે કશુંક નક્કર કરવાનું સ્વપ્ન સેવેલું એ સ્વપ્ન આજે સાકાર થયાનું જોઈને રાજી થવાય છે.

ડો. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન દ્વારા સમાજ પરિવર્તન માટે જે પ્રવૃતિઓ થાય તેની વાત અમારા પરિવર્તન સામાયિકમાં મુકતા આનંદ અનુભવુ છું. આશા છે અનેક લોકોને પરિવર્તન વાંચીને સમાજ માટે નક્કર કરવાની પ્રેરણા થાય.

જ્યાં સુધી એક પણ બાળક અશિક્ષિત રહેશે, જ્યાં સુધી એક પણ કુટુંબને રોટલીની ચિંતા રહેશે, ત્યાં સુધી અમારી લડત ચાલુ રહેશે. કારણ કેઃ

‘‘સેવા એ તપસ્યા છે - જ્યાં થાકવાનું નથી, થોભવાનું નથી, ફક્ત આગળ વધવાનું છે.’’



*એક લાખ બાળકો સુધી પહોંચવાનો લક્ષાંક*

# શિક્ષણ ક્ષેત્રે થઇ રહેલી વિવિધ પ્રવૃતિઓ

***પ્રસ્તાવના***

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન આજે શિક્ષણ, પાણી- પર્યાવરણ, આરોગ્ય, આર્થિક સદ્ધરતા વગેરે ક્ષેત્રે એક વટવૃક્ષની જેમ વિસ્તર્યું છે, જેની શીતળ છાયામાં અસંખ્ય બાળકો અને પરિવારો નવી આશાઓ પામી રહ્યા છે. બંગાળીમાં એક સુંદર કહેવત છે, ‘‘શોબ ચાહે જેન કેનો ના થોકુક, ગુનો કેરે નિજોર કોર્મો,’’ જેનો અર્થ, દરેક વ્યક્તિ થાકી શકે છે, પરંતુ ગુણવાન વ્યક્તિ હંમેશાં પોતાનું કાર્ય કરે છે. આ જ ભાવના અમારા ફાઉન્ડેશનના દરેક સભ્યમાં જોવા મળે છે, જેઓ અથાક પરિશ્રમ કરીને શિક્ષણ અને સેવાના મૂલ્યોને આગળ ધપાવી રહ્યા છે.

## શ્રેષ્ઠતાનું સન્માન

### ઉત્તમ કામગીરી કરનાર કાર્યકરોના પોંખણા

‘‘જ્યારે સામાન્ય લોકો અસામાન્ય કાર્ય કરે, ત્યારે શ્રેષ્ઠતા જન્મ લે છે’’ આ કહેવત અમારા કાર્યકરોમાં સાર્થક થતી અમે જોઈએ. અમારા શિક્ષકો જે શાળાઓમાં ભણાવે તે શાળાઓમાં ઉત્તમ પ્રદર્શન કરનાર અમારા શિક્ષકોમાંથી અમે દર મહિને ‘શ્રેષ્ઠ શિક્ષક’ ‘શ્રેષ્ટ ટીમલીડર’ ને પુરસ્કાર આપીએ. આમ જુઓ તો આ કોઈ સામાન્ય સન્માન નથી. આ તો સેવા, સમર્પણ અને સંસ્થાકીય મૂલ્યોની જીવંત અભિવ્યક્તિ છે.

પુરસ્કાર પામેલા શિક્ષકો હરખાય છે જ્યારે અન્ય શિક્ષકો- કાર્યકર્તા પોતે પણ વધુ મહેનત કરશે તો એક દિવસ એ પણ પુરસ્કારના હકદાર બનશે તેવી લાગણી રાખે છે.

KRSFના આ પુરસ્કારોની પસંદગી એક અદ્વિતીય સંવેદનશીલતાથી થાય છે. જેમ સોનું સીધુ નથી મળતું. અનેક ધાતુઓની સાથે સોનું ભળેલું. આ ધાતુઓને અનેક વખત ગાળીએ પછી સોનું મળે એમ અમારા ટીમ લીડર્સની તીક્ષ્ણ નજર, ક્લસ્ટર હેડ્સની સમજ, ઝોનલ હેડ્સની રણનીતીક દૃષ્ટિ અને સ્થાપકોની સંસ્થાકીય દ્રષ્ટિ. આ ચાર સ્તરમાંથી પસાર થઈને ઉત્તમ પ્રદર્શન કરનાર જ આ સન્માનનો અધિકારી બને છે.

શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર પામનારમાં અમે જોઈએ છીએ અસાધારણ સંયોજન. જેમાં જ્ઞાનની ઊંડાઈ, બાળકો પ્રત્યેની અનન્ય લાગણી અને નવીન શિક્ષણ પદ્ધતિઓની સર્જનાત્મકતા. એવા શિક્ષકો જે ફક્ત પાઠ્યપુસ્તકો જ નહીં, પણ જીવનના પાઠ શીખવે છે, જેમની વર્ગશાળા એક મંદિર સમાન છે જ્યાં ‘‘જ્ઞાનદીપ લઈ જગમાં ફરો’’ની ભાવના વસે છે. એવા શિક્ષકો,લીડર સન્માનના અધિકારી બને છે.

ઉત્કૃષ્ટ પ્રદર્શનનો પુરસ્કાર પામનાર કર્મચારીઓ તો એવા અદ્ભુત હોય છે કે જે ‘‘કર્મણ્યે વાધિકારસ્તે’’ના સિદ્ધાંત પર ચાલીને

શાળા કે કાર્યાલયની ચાર દિવાલોમાં પણ સંસ્થાના મિશનને વિશાળ બનાવી દે છે. એમના કમ્પ્યુટર સ્ક્રીન પર ફક્ત ડેટા જ નહીં, પણ હજારો પરિવારોની આશાઓ અને સપનાં ઝળકે છે. જેમના કામમાં થાક કે ગણતરી નહીં, પણ ફક્ત સમર્પણની ભાવના છે.

પસંદગીની આખી પ્રક્રિયામાં સંસ્થાના DNA અને કોર વેલ્યુની અસર સ્પષ્ટ દેખાય છે. બાળક સૌપ્રથમ, કાર્યનો શિસ્તબદ્ધ અમલ, સતત શીખતા રહીને સ્વની સાથે સંસ્થાનો વિકાસ, લક્ષ્ય પ્રાપ્તિ માટે દ્રઢતા, એકાગ્રતા અને ટીમવર્કથી લાગ્યા રહેવું, અને ગામનો સર્વાંગી વિકાસ. આ સ્તંભો પર જ આ પુરસ્કારોની ઇમારત ઊભી છે. આ સ્તંભોને ધ્યાનમાં રાખીને જેમણે કામ કર્યા છે તેવા શિક્ષકો અને કર્મચારીઓ જ આ પુરસ્કારોના અધિકારી બને છે.

પુરસ્કાર વિજેતાઓ સન્માન સ્વીકારવા મંચ પર આવે ત્યારે "જ્યારે સ્વાર્થ મરે ત્યારે સેવા સફળ"ની ભાવના સાકાર થતી દેખાય.

આ પુરસ્કારો માત્ર એક સન્માન નથી, પણ એક જવાબદારી છે. સતત આગળ વધવાની, વધુ સારું કરવાની, અને સંસ્થાના મિશનને નવી ઊંચાઈએ લઈ જવાની.

## શ્રેષ્ઠ શિક્ષક


**ઇન્દુબેન**
ઉમેશભાઈ નિનામા


**અરવિંદભાઈ**
સોમાભાઈ વસાવા


**નિધીબેન**
વિનોદભાઈ પાટીલ


**આસ્થાબેન**
યોગેશભાઈ નાયી


**જાગૃતિબેન**
મનીષકુમાર ચૌધરી

## ઉત્કૃષ્ટ પ્રદર્શન


**રાહુલકુમાર**
રેવાભાઈ પ્રજાપતિ


**અંજનાબેન**
મીહિતકુમાર પટેલ


**અતુલભાઈ**
રમણભાઈ પરમાર


**અનિલભાઈ**
ધનજીભાઈ ભગોરા


**શૈલેન્દ્રભાઈ**
ભીમસિંગભાઈ વસાવા


**જીનલબેન**
જાની


**નારણભાઈ**
ધુળાભાઈ અંગારી


**જાગૃતિબેન**
ભૂપેન્દ્રસિંહ ચૌહાણ

# કાર્યનું મૂલ્યાંકન કરવા નિયમીત સમિક્ષા બેઠકો




*શિક્ષકોએ પણ સતત શીખતા રહી સર્વનો વિકાસ કરવો તે અમારું પાયાનું મુલ્ય*

KRSF દ્વારા બાળકોના પરિણામલક્ષી વિકાસને સુનિશ્ચિત કરવા માટે નિયમિત સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવે છે. આ પ્રક્રિયાના ભાગરૂપે, દાંતામાં રાહુલભાઈ, અરવલ્લીમાં ગોપાલભાઈ અને નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તેમજ બોટાદ અને અમરેલીમાં ગોવિંદભાઈ દ્વારા પોતાના ટીમ લીડર્સ અને ક્લસ્ટર હેડ્સ સાથે સતત બેઠકો યોજવામાં આવે. આ બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્થા દ્વારા થતા શિક્ષણ કાર્યનું સતત મૂલ્યાંકન કરવું, પડકારોને ઓળખવા અને સુધારા માટેની વ્યૂહરચનાઓ ઘડવી.

બનાસકાંઠના દાંતા મુકામે આયોજીત સમીક્ષા બેઠકમાં રાહુલભાઈએ બાળકોના પરિણામોને સુધારવા માટેના ચોક્કસ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે શૈક્ષણિક સફળતા માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરવા સુધી સીમિત નથી, પરંતુ વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપવું, તેમનામાં આત્મવિશ્વાસ વધારવો અને તેમને શીખવાની સાચી પદ્ધતિઓથી પરિચિત કરાવવું પણ મહત્વપૂર્ણ છે. રાહુલભાઈએ બાળકોને નિયમિત અભ્યાસની ટેવ, એકાગ્રતા વધારવાની તકનીકો અને પરીક્ષાની તૈયારી માટેનું



આયોજન કેવી રીતે કરાવવું તે અંગે વિસ્તૃત ચર્ચા કરી. તેમણે વિદ્યાર્થીના પરિણામમાં લાંબા સમયથી સુધી ખાસ સુધારો જોવા ન મળે તો બાળકોના વાલી અને શિક્ષકો સાથે આ બાબતે ચર્ચા કરી, ક્યા પ્રકારના સુધારા કરવા જોઈએ તે સમજી તેનો અમલ કરવાની પણ વાત કરી. તેમણે નબળા પરિણામોવાળા વિદ્યાર્થીઓ માટે વિશેષ ઉપચારાત્મક વર્ગો અને વ્યક્તિગત ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. રાહુલભાઈએ ટીમના સભ્યોને તેમના કાર્ય માટે પ્રોત્સાહિત કર્યા અને વધુ સારા પરિણામો માટે નવી વ્યૂહરચનાઓ અપનાવવા માટે પ્રેરિત કર્યા.

ગોવિંદભાઈએ તેમના કાર્યક્ષેત્રો - ડેડીયાપાડા, બોટાદ અને અમરેલી ખાતેની સમીક્ષા બેઠકોમાં NMMSની પરીક્ષા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે NMMSની તૈયારી કરાવતા શિક્ષકો સાથે અસરકારક શિક્ષણ પદ્ધતિઓ, સમય વ્યવસ્થાપન અને વિદ્યાર્થીઓને પરીક્ષાના માળખાથી પરિચિત કરાવવા અંગે ચર્ચા કરી. તેમણે પાર્ટનરશીપ શાળાઓમાં સંસ્થાના કાર્યક્રમોને વધુ અસરકારક બનાવવા માટે શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે સંકલન વધારવા પર ભાર



એક હજારથી વધુ શિક્ષકો એક ટોપિક પર
અલગ અલગ સમયે ચર્ચા કરે

મૂક્યો. ગોવિંદભાઈએ લાઈફક્લાસ લેતા શિક્ષકોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટેના માપદંડો અને તેમની કુશળતામાં સુધારો લાવવા માટે તાલીમ કાર્યક્રમોની જરૂરિયાત પર ચર્ચા કરી. તેમણે ટીમમાં સકારાત્મક વાતાવરણ જાળવવા અને દરેક સભ્યને પોતાના વિચારો રજૂ કરવાની તક આપવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો.

અરવલ્લીમાં ગોપાલભાઈ દ્વારા યોજાયેલી સમીક્ષા બેઠકમાં લાઈફક્લાસ ટ્રેકિંગ સિસ્ટમને વધુ મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમણે દરેક વિદ્યાર્થીની પ્રગતિને નિયમિત રીતે મોનિટર કરવા, ડેટાનું વિશ્લેષણ કરવા અને તે મુજબ વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ બનાવવા પર ભાર મૂક્યો. ગોપાલભાઈએ શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટે સેલ્ફ ડેવલપમેન્ટ પ્રોગ્રામની જરૂરિયાત પર ભાર મૂક્યો અને નવા શૈક્ષણિક સત્રમાં આ અંગે શું કરવું તેના આગોતરા આયોજન અંગે ચર્ચા કરી. તેમણે સૂચવ્યું કે નવા સત્રમાં બાળકોને નવા અને રસપ્રદ વિષયો શીખવવા જોઈએ, જે તેમના જ્ઞાન અને સમજણને વિસ્તૃત કરે. ગોપાલભાઈએ ટીમમાં પારદર્શિતા અને ખુલ્લા સંવાદને પ્રોત્સાહન આપ્યું અને દરેક સભ્યને પોતાના વિચારો અને સૂચનો રજૂ કરવા માટે પણ કહ્યું.

સમીક્ષા બેઠકો KRSF ટીમ માટે મહત્વપૂર્ણ છે, જ્યાં તેઓ એકબીજાના અનુભવોમાંથી શીખે છે, સમસ્યાઓનું સામૂહિક રીતે નિરાકરણ લાવે છે અને બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે વધુ અસરકારક વ્યૂહરચનાઓ ઘડે છે. આ પ્રક્રિયા સંસ્થાને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં અને શિક્ષણની ગુણવત્તાને સુધારવામાં મદદ કરે છે.

# પાદુલેન્ના વાડુ, જીવિતમુન્ના વાડુ



૭૯૯૨ જોડી ચપ્પલ આપ્યા બાળકોને

બાળક સૌ પ્રથમ – બાળક માટે કંઈ પણ

શાળાના મેદાન પર જીનલનું મોટું સ્વપ્ન ધબકી રહ્યું હતું - રાજ્યની ક્રિકેટ ટીમમાં સ્થાન પામવાનું. સિલેક્શનનો મહત્વનો દિવસ હતો અને અચાનક તેના બૂટનો સોલ ફાટી ગયો, દોડવું મુશ્કેલ બન્યું છતાં તેનો જુસ્સો ઓછો ન થયો. જ્યારે સિલેક્ટર સર સામે જવાનું થયું, ત્યારે જીનલે ફાટેલા બૂટની શરમ આવી અને તે પગ સંતાડવા લાગી. સરે પૂછ્યું તો તેણે ગભરાઈને વાગ્યાનું બહાનું કાઢ્યું, હકીકતમાં તે ફાટેલા બૂટ છુપાવી રહી હતી, કારણ કે તેને ડર હતો કે કદાચ તેના કારણે પસંદગી નહીં થાય.

એ દિવસ જીનલ માટે માત્ર એક ખરાબ સ્વપ્ન નહોતું રહ્યું. તે દિવસે જીનલે મનમાં ગાંઠ વાળી લીધી કે કોઈ પણ બાળકને આવી પીડાદાયક અને અપમાનજનક પરિસ્થિતિમાંથી પસાર થવું ન જોઈએ. જ્યારે KRSF માં જોબ કરતા કરતા... તેણે KRSF ઓફિસમાં વાત કરી, અને સમજાવ્યું કે ‘‘પાદુલેન્ના વાડુ, જીવિતમુન્ના વાડુ’’ (તેલુગુ કહેવતઃ ‘‘ચપ્પલ વગરનો પગ, જીવન વગરનો માણસ એક સમાન’’). આ કહેવત માત્ર કહેવત નહિ પરંતુ એ હકીકત દર્શાવે છે કે ચપ્પલ વગરના બાળકોને ગંભીર જોખમો હોય છે.

ખુલ્લા પગે ફરવાથી કાંકરા-કાચ વાગે તો પાકું (ઇન્ફેક્શન) થઈ જાય, ફોલ્લા થાય, લોહી બગડે એવું (ગેંગ્રીન) પણ થઈ શકે. પહેલાંના વખતમાં વાગ્યા પછી ધનુર્વા (ટેટનસ) થઈ જતો. હૂકવર્મ જેવા નાના જીવડાં પગના ચામડીમાં ઘુસી જાય. આખો વખત ઉઘાડા પગે રખડીએ તો પગના હાડકાંનો ઘાટ બદલાઈ જાય. તપેલા રસ્તા પર કે બરફ પર ચાલીએ તો પગ દાઝી જાય. અને સ્કૂલમાં કે ગામમાં બધા જોડાં પહેરતા હોય ને આપણી પાસે ના હોય તો આપણને લઘુતાગ્રંથિ થાય મનમાં શરમ આવે.



*૨.૪ લાખ જેવી માતબર રકમના ચંપલ ખરીદ્યા*

KRSFએ જીનલના આ ઉમદા વિચારને સાંભળ્યો અને તેને પ્રોત્સાહન આપ્યું. તેમણે એક પડકાર આપ્યો: "તું જેટલા રૂપિયા દાનમાં એકત્ર કરી શકીશ, એટલી જ રકમ અમે અમારી તરફથી ઉમેરીશું." તેણે નક્કી કર્યું કે તે બનતી તમામ મહેનત કરશે. તેણે પોતાના મિત્રો, પરિવારજનો અને પરિચિતો પાસે જઈને આ ઝુંબેશ વિશે વાત કરી અને તેમની પાસેથી ₹૨૮,૦૦૦ ભેગા કર્યા. આ જ ઝુંબેશમાં KRSFના શિક્ષકોએ પણ આગળ આવીને દાન આપ્યું, જેના કારણે કુલ દાનની રકમ ₹૧.૨૦ લાખ સુધી પહોંચી. ત્યારબાદ, KRSF સંસ્થાએ એટલી જ રકમ ઉમેરી. આ રીતે લગભગ ₹૨.૪૦ લાખ જેવી માતબર રકમ એકત્ર થઈ ગઈ. જીનલ અને KRSFની ટીમે દરેક બાળકને નવાં ચપ્પલ મળે અને કોઈ પણ બાળક અમારી પાસે આવેલો ખાલી હાથે પાછો ના જાય તે માટે અત્યંત ચોકસાઈપૂર્વક આયોજન કર્યું હતું. તેઓ જાણતા હતા કે યોગ્ય ફૂટવેર બાળકોના નાજુક પગ માટે કેટલું મહત્વનું છે.

સંશોધન દર્શાવે છે કે સારાં જૂતાં પહેરવાથી પગના ૨૬ હાડકાં અને ૧૦૦ થી વધુ સંધિબંધનોને સુરક્ષા મળે છે. એટલું જ નહીં, ચાલવાની ગતિમાં લગભગ ચાલીસ ટકા જેટલો સુધારો થાય છે અને યુનિસેફના આંકડા અનુસાર શાળામાં બાળકોની હાજરી પણ ૬૮ ટકા સુધી વધી શકે છે. ફૂટપાથ કે રોડની તીવ્ર ગરમી કે ઠંડીથી તેમના પગ સુરક્ષિત રહે છે, જેના કારણે તેઓ શિક્ષકો સામે શરમ અનુભવતા નથી અને રમતગમત જેવી પ્રવૃત્તિઓમાં પણ સક્રિયપણે ભાગ લઈ શકે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને, ટીમે દરેક બાળકનું કાળજીપૂર્વક પગનું માપ લીધું અને આ ઉનાળાની સખત ગરમીમાં પણ, જીનલ અને KRSFની ટીમે ગુજરાતના ૧૦ જરૂરિયાતમંદ તાલુકાઓમાં પહોંચીને કુલ ૭૯૯૨ જોડી નવાં ફૂટવેરનું વિતરણ કર્યું! આ માત્ર આંકડા નથી, આ હજારો બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારીમાં આવેલું નોંધપાત્ર પરિવર્તન છે. આજે ઘણાં બાળકો આત્મવિશ્વાસથી શાળાએ જઈ શકે છે ''બાળક સૌ પ્રથમ'' એ અમારા પાયાનું મૂલ્ય છે – અને એને અમારી ઓફિસના કર્મચારી પણ નિભાવે ત્યારે, એ ભાવનાને સલામ.

# અમારા શિક્ષકોનું કાર્ય

## એક શિક્ષક માટે બાળક જ પ્રથમ હોય તેવી વાતો

*એક પ્રખ્યાત અમેરિકન કહેવત છે કે, "A good teacher can inspire hope, ignite the imagination, and instill a love of learning." આ જ વિચારને લઈને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના પૂરક શિક્ષકો માત્ર ભણાવતા નથી, પણ બાળકોના જીવનને ઘડે છે. તેઓ તેમને શિસ્ત શીખવે છે, વાંચન-લેખન મજબૂત બનાવે છે અને આત્મવિશ્વાસ ભરે છે. આ શિક્ષકો સંસ્કારોનું સિંચન કરે છે, ભણતર સિવાયની પ્રવૃત્તિઓમાં રસ જગાડે છે અને બાળકોના મનમાંથી શિક્ષકનો ડર દૂર કરીને એક મિત્ર જેવું વાતાવરણ બનાવે છે. તેઓ સમયની પરવા કર્યા વિના જ્ઞાન આપે છે અને જો કોઈ બાળક શાળાએ ન આવે તો તેના ઘરે જઈને તેને નિયમિત શાળાએ લાવવાનો પ્રયાસ કરે છે. આ શિક્ષકો બાળકોને એવા ગુણો અને જીવન કૌશલ્યો શીખવે છે જે તેમને ભવિષ્યમાં કામ આવે છે, જેથી દરેક બાળકનું ભવિષ્ય ઉજ્જ્વળ બને. આ એક આદર્શ શિક્ષકનો ગુણ છે જે માત્ર જ્ઞાનનો ભંડાર નથી હોતો, પરંતુ એક માર્ગદર્શક, મિત્ર અને પ્રેરણાદાયી વ્યક્તિ પણ હોય છે, જે બાળકોની ક્ષમતાને ઓળખીને તેમને સંપૂર્ણ વિકાસ માટે પ્રોત્સાહિત કરે છે અને તેમને સ્વતંત્ર રીતે વિચારવા પ્રેરે છે.*

*ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન આ જ ભાવના સાથે માને છે કે અમારા પૂરક શિક્ષકો માત્ર જ્ઞાનના પ્રસારકો નથી, પરંતુ તેઓ બાળકોના જીવનમાં આશાનું કિરણ, કલ્પનાનું તણખો અને શીખવાની ઈચ્છા ઉત્પન્ન કરનારા પ્રેરણાદાયી વ્યક્તિઓ છે. તેઓ માત્ર અભ્યાસક્રમના બંધનોથી પરે જઈને બાળકોના વ્યક્તિત્વને ઘડે છે અને તેમને માત્ર શિક્ષણના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ જીવનના દરેક પડકારનો સામનો કરવા માટે તૈયાર કરે છે.*

*બસ, આ બધું જ અમારા પુરક શિક્ષકો કરે અને તેનો અમને ગર્વ છે.*

# એક શિક્ષકે વર્ગખંડમાં સિલાઇ મશીન મુક્યું

ગુજરાત મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલું નર્મદા જિલ્લાનું કણજી ગામ. ડેડીયાપાડાથી કણજી તરફ જાવ તો રસ્તામાં તમને મહારાષ્ટ્રના ગામડા પણ જોવા મળે. આદિવાસી વસ્તી ધરાવતા આ ગામની પ્રાથમિક શાળા બાળકોથી ભરેલી. આ ભરેલી શબ્દ મેદાની વિસ્તારમાં નહીવત બાળકોની સંખ્યા સાથે જોયેલી પ્રાથમિક શાળાના કારણે લખ્યો...



*કપડા સીવતા અમરસિંગભાઈ*

આ શાળામાં શિક્ષકની ઘટ તે KRSF એ ગામના અમરસિંગભાઈને ત્યાં શિક્ષક તરીકે નિમ્યા. અમરસિંગ અનુસ્નાતક થયા.પણ એમની પાસે કામ નહીં. એ સિલાઈ કામ શીખ્યા ને પોતાના ગામમાં દરજી કામ કરે. પણ એમને KRSF માં કામ મળતા એમણે સિલાઈ કામ બંધ કર્યું.

શાળામાં ભણવા આવતા બાળકોમાંથી ઘણા બાળકો ફાટેલા કપડા પહેરીને આવે. અમરસિંગભાઈ એમને કપડુ ફાટ્યું હોય તો સિલાઈ કરીને પહેરવાનું કહ્યું. પણ ઘણા બાળકોના માતા પિતા શેરડી કાપવાની મજૂરી અર્થે ગામ છોડી ગયેલા. એટલે સિલાઈ કોઈ કરી આપી શકે એવું ઘરે કોઈ નહીં.

આખરે એમણે શાળાના આચાર્ય શ્રી પાસે રીસેશના સમયમાં કપડાં સીવી આપવાનું કામ જો સંચો શાળામાં લાવવાની મંજૂરી મળે તો કરી આપવાની વાત કરી. આચાર્યશ્રીએ હા પાડી ને પછી તો અમરસિંગભાઈ ફાટેલું કપડું પહેરી આવનાર બાળકને કાલે આ કપડુ નિશાળ આવે તો લઈ આવજે હું સાંધી આપીશ એમ કહે ને એમ કરતા કરતા અનેક બાળકોના કપડા એમણે સિવી આપ્યા.

અમરસિંગભાઈને આ વિચાર ક્યાંથી આવ્યો એવું જ્યારે એમની શાળાના મુલાકાતે ગયેલા અમારા પ્રતુલભાઈએ પુછ્યો તો કહે, સર આપણી કોર વેલ્યુમાં બાળક સૌ પ્રથમ છે. એટલે મારે બાળકના હીત માટે સૌથી પહેલા વિચારવાનું હતું. બાળક ચોખ્ખુ, સરખા કપડા પહેરીને આવે તો એને પણ ભણવું ગમે. ને એ બહાને એ આપણી નજીક આવે જેથી આપણે એને સરખુ ભણાવી શકીએ..

કેવી મજાની વાત... અમારી પાસે અમરસિંગભાઈ જેવા શિક્ષકો હોવાનું ગૌરવ...



*'બાળક સૌપ્રથમ' ને ધ્યાને રાખી બાળકનો સર્વાંગી વિકાસ*

# આ શિક્ષક અભિનેતા કરતા પણ વધુ રોલ ભજવે છે

સરીબાર ગામ... નામ સાંભળવામાં જેટલું શાંત લાગે છે, અને એની શાળામાં શિક્ષકની ઘટ એ ઘટને અમે એક પૂરક શિક્ષકના સામાન્ય રૂપમાં મુક્યા ઈશ્વરભાઈ! પછી અમને જ લાગ્યું કે આ સામાન્ય નથી!!!

વિચારો તો, શાળાના દરવાજા બંધ થાય અને આ શિક્ષક એક નવી જ દુનિયા ખોલે. જે બાળકોને કક્કો ઘૂંટવામાં પણ તકલીફ પડતી હતી, તેમની આંગળી પકડીને એમને શબ્દોના આકાશમાં ઉડાવે. ગણિતના અઘરા કોયડાઓને એવી સરળ રીતે ઉકેલે કે જાણે રમતા રમતા બધું આવડી જાય!

પણ ઈશ્વરભાઈની કહાનીમાં ટ્વિસ્ટ તો ત્યારે આવે છે જ્યારે તમે જુઓ કે આ શિક્ષક માત્ર ભણાવતા નથી. એ તો જરૂરિયાતોને પારખી લે છે. ગામમાં વાળંદ નથી? તો પોતે જ વાળંદ બનીને બાળકોના વાળ કાપી આપ્યા, કોઈ બાળક ગંદો આવે? તો સ્વચ્છતાના પાઠ ભણાવવા પ્રેમથી નવડાવી દે! શાળાની લાઈટ ગઈ? બની જાય ઈલેક્ટ્રીશીયન ને જાતે જ ચઢી જાય રિપેર કરવા! જાણે એકલો માણસ અને કામ અનેક!

આ બધાની પાછળ એમનો કોઈ સ્વાર્થ નથી. બસ એક જ ધૂન કે મારા બાળકો ભણે, આગળ વધે! એટલે જ તો એમણે છોકરા-છોકરીઓની વોલીબોલ ટીમ બનાવી. એમને રમતા શીખવ્યું, હાર-જીતનો પાઠ ભણાવ્યો. કેમ ખબર છે? કારણ કે ઈશ્વરભાઈ જાણે છે કે જીવન પણ એક રમત જ છે!




*નર્મદા જીલ્લાની અંતરિયાળ વિસ્તારની સરીબાર પ્રાથમિક શાળા*



*કોઈપણ શરમ સંકોચ વગર બધા જ કામ કરે*

હવે આવે છે સસ્પેન્સ... આ બધું જોઈને ગામના લોકો શું કહેતા હતા? એમ જ કહેતા હતા કે, "એકલો હાથી લાખનો!" મતલબ, ઈશ્વરભાઈ એકલા હોવા છતાં લાખોની બરાબર કામ કરી રહ્યા છે!

આ વર્ષે જે પરિણામ આવ્યું છે ને ભાઈ, એ તો કોઈ ચમત્કારથી ઓછું નથી! જે બાળકોને કોઈ આશા નહોતી, તેઓ આજે ડંકો વગાડી રહ્યા છે! આ કોનો જાદુ છે? આ જાદુ છે ઈશ્વરભાઈનો!

ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશન આવા જાદુગરોને શોધે છે. એમને ખબર છે કે શિક્ષણનો સાચો પ્રકાશ આવા જ લોકો પાથરી શકે છે. ઈશ્વરભાઈની આ કહાની સાંભળીને ફાઉન્ડેશનના સ્થાપક પ્રતુલભાઈ અને ઉદયભાઈ બોલી ગયા, ''આ તો અમારો હીરો છે!''





*બાળકોના વાળ કાપતા અને વીજળી ઉપકરણ ઠીક કરતા ઈશ્વરભાઈ*

# કુવામાં હોય તો હવાડામાં આવે!! એવા ખુબ ઊંડા અમારા કુવાઓ



એક સમયે ૧૦ નાપાસ થયેલા અને અત્યારે ટીમ લીડર

ચાલો, એક ક્ષણ માટે કલ્પના કરીએ. કોઈ વ્યક્તિ ધોરણ ૧૦માં નાપાસ થાય છે. આર્થિક પરિસ્થિતિ એવી કે ભણતર છોડીને પેટિયું રળવા ફેક્ટરીમાં જવું પડે. આવી સ્થિતિમાં શું થાય? મોટાભાગના લોકો હિંમત હારી જાય, કિસ્મતને કોસે, અને કદાચ આખી જિંદગી એ જ ''ફેક્ટરી લાઈફ''માં ગુજારી દે. પણ, રવિન્દ્રભાઈનું જીવન કંઈક અલગ જ બન્યું.

નર્મદાના સામરપાડા ગામના રવિન્દ્રભાઈ, નાનપણથી જ કસોટીઓનો સામનો કરતા આવ્યા હતા. પિતાની છત્રછાયા નાની ઉંમરે ગુમાવી, માતાના બીજા લગ્ન થયા, અને તેઓ નાના-નાનીના આશ્રયે રહ્યા. ગરીબી એવી હતી કે ઉચ્ચ શિક્ષણ મેળવવું તેમના માટે શક્ય નહોતું. ધોરણ ૧૦માં નાપાસ થયા, ત્યારે તો જાણે ભવિષ્ય પર એક મોટો પ્રશ્નાર્થ લાગી ગયો. ''બસ, આટલું ભણ્યા એ બહુ થયું'' એમ માનીને તેઓ સુરતની કાપડ ફેક્ટરીમાં ૧૨-૧૨ કલાકની સખત મજૂરી કરવા લાગ્યા. હાથમાં આવતા પૈસા માંડ ગુજરાન ચલાવી શકે એટલા હતા.

પણ, આ ફેક્ટરીની ભઠ્ઠીમાં જ રવિન્દ્રભાઈના મનમાં એક નવી જાગૃતિ આવી. આ સખત મજૂરીએ તેમને ભણતરનું સાચું મૂલ્ય સમજાવ્યું. બાર કલાકની પીડાએ તેમને દસ કલાક વાંચવા માટે પ્રેર્યા. અને ખરેખર, એક ચમત્કાર થયો! ફેક્ટરીનું કામ ચાલુ રાખીને તેમણે ફરી વાંચવાનું શરૂ કર્યું અને અદભુત દ્રઢ નિશ્ચય સાથે ધોરણ ૧૦ પાસ કર્યું! આ કોઈ નાની સિદ્ધિ નહોતી, આ તો એક

હિંમતભર્યો છલાંગ હતી જેણે તેમના જીવનના માર્ગો ખોલી નાખ્યા.

પછી તો રવિન્દ્રભાઈએ પાછું વાળીને જોયું જ નથી. ધોરણ ૧૧ ભણતી વખતે જ, પોતાના મામા પાસેથી સિલાઈ કામ શીખી લીધું, જેથી પોતાનો ખર્ચ જાતે કાઢી શકે. અને આ જ અરસામાં, તેમના મનમાં એક સપનું રોપાયું. શિક્ષક બનવાનું! વિચારી જુઓ, એક એવા યુવાન જે ધોરણ ૧૦માં નાપાસ થયા હતા, તે શિક્ષક બનવાનું સપનું જુએ છે!

સ્નાતક થયા પછી, રવિન્દ્રભાઈ ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનમાં શિક્ષક તરીકે જોડાયા. ઘોડી ગામની પ્રાથમિક શાળાના બાળકોને તેમણે એવી ખંતથી ભણાવ્યા કે વાત ન પૂછો! આશ્ચર્યની વાત તો એ કે, ગણિત અને અંગ્રેજી જેવા વિષયો જે તેમને પહેલાં બહુ ફાવતા નહોતા, તેમાં પણ બાળકોને ભણાવવા માટે પોતે પાવરધા બન્યા. ચાર વર્ષ બાળકોને ભણાવીને તેમનું કામ એટલું નીખર્યું કે તેમને ટીમલીડર તરીકે બઢતી મળી!

આજે, આ જ રવિન્દ્રભાઈ ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની ૧૬ શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવાનું, નવા શિક્ષકોને માર્ગદર્શન આપવાનું, અને તેમને સતત તાલીમ આપવાનું મહત્ત્વનું કાર્ય સંભાળે છે.

ધોરણ ૧૦માં નાપાસ થયેલા રવિન્દ્રભાઈએ પોતાની અતૂટ ધગશ અને મહેનતથી આટલી ઊંચી પદવી પ્રાપ્ત કરી છે. નર્મદા જિલ્લાના સામરપાડાના નાના, મામા અને આખો પરિવાર આજે રવિન્દ્રભાઈ પર ગર્વ અનુભવે છે. રવિન્દ્રભાઈની આ પ્રેરણાદાયક ગાથા આપણને શીખવે છે કે સંજોગો ગમે તેટલા પ્રતિકૂળ હોય, જો દ્રઢ નિશ્ચય અને સખત મહેનત હોય તો અશક્યને પણ શક્ય બનાવી શકાય છે. તેમનું જીવન ખરેખર ઘણા લોકો માટે પ્રેરણાસ્રોત છે.



*બાળકો સાથે બાળક બની રમતા રવીન્દ્રભાઈ*

# NMMS



*NMMS પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવ્યું*

૧૫ વિદ્યાર્થી NMMS પરીક્ષા આપવા બેસે અને બધા જ પાસ થાય તો કેવી મહેનત હશે???

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત અમારી સંસ્થાએ શિક્ષણના ક્ષેત્રે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તાલુકાની કુલ ૨૩ શાળાઓમાં સંસ્થાના કાર્યક્રમો ચાલી રહ્યા છે, જે અંતર્ગત પાંચ શાળાઓમાં ખાસ કરીને નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશિપ (NMMS)ની પરીક્ષા માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાંચ શાળાઓમાં તાલુકા શાળા, અમરાપરા પ્લોટ શાળા, નાનિકુંડલ પ્રાથમિક શાળા, શિરવાણીયા પ્રાથમિક શાળા અને નવાણીયા પ્રાથમિક શાળામાં કુલ ૧૫ વિદ્યાર્થીઓએ આ તાલીમમાં ભાગ લીધો હતો.

સંસ્થાના સમર્પિત શિક્ષકોના કુશળ માર્ગદર્શન, તેમના દ્વારા આપવામાં આવેલો અમૂલ્ય સમય અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતના પરિણામે આ વર્ષે આ તમામ પાંચેય શાળાઓએ NMMSની પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. આ અસાધારણ સફળતા પાછળ શિક્ષકો દ્વારા કરવામાં આવેલી સઘન મહેનત અને આયોજન રહેલું છે.

સંસ્થાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને શાળાના નિયત સમય ઉપરાંત પણ વિશેષ તાલીમ આપી હતી. સવારના ૯:૩૦ કલાકે શાળા શરૂ થતા પહેલાં આ વિદ્યાર્થીઓ માટે વધારાના વર્ગોનું આયોજન કરવામાં આવતું હતું. એટલું જ નહીં, શાળાના બ્રેક સમય દરમિયાન પણ શિક્ષકોએ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જ્યારે પણ શાળામાં કોઈ ફ્રી પિરિયડ ઉપલબ્ધ થયો, ત્યારે તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને વધુમાં વધુ જ્ઞાન આપવા માટે કરવામાં આવ્યો.

વિદ્યાર્થીઓની તૈયારીને વધુ મજબૂત બનાવવા માટે શિક્ષકોએ સંસ્થાના નિર્ધારિત

અભ્યાસક્રમ અનુસાર નિયમિત ટેસ્ટ યોજી હતી. આ ઉપરાંત, તેઓએ જાતે જ બહુવિકલ્પીય પ્રશ્નો (MCQs) તૈયાર કરીને વિદ્યાર્થીઓની કસોટી કરી હતી, જેના પરિણામે વિદ્યાર્થીઓને પરીક્ષાના સ્વરૂપ અને પ્રશ્નોની સમજ કેળવવામાં ઘણી મદદ મળી.

સંસ્થા દ્વારા બાબરા તાલુકામાં NMMS પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક વિશેષ જૂથ (ગ્રુપ) બનાવવામાં આવ્યું હતું. આ જૂથ એક એવું પ્લેટફોર્મ બન્યું જ્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો કોઈપણ શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરી શકતા હતા અને તેનું ત્વરિત નિરાકરણ મેળવી શકતા હતા. આ સહિયારા પ્રયાસથી વિદ્યાર્થીઓને તેમની મુશ્કેલીઓ દૂર કરવામાં નોંધપાત્ર મદદ મળી.

અમારા શિક્ષકો ‘બાળક પ્રથમ’ વાતને ધ્યાને રાખીને બાળકોના હિતમાં કાર્ય થાય તે માટે સતત મંડ્યા રહે... અને આનો જ અમને ગર્વ છે. અને જે સાચા હૃદયથી કાર્ય કરે તેને પરિણામ મળે જ. જે મળી પણ રહ્યા છે...



*બાળકોને ટેકનોલોજી સાથે તૈયારી કરાવવામાં આવે*



*અલગ અલગ જુથમાં બાળકોને તેમના પ્રશ્નોનું હલ આપવામાં આવે*

*KRSF થકી ગામોમાં રહેતા અનેક શિક્ષીત બેરોજગારને રોજગાર મળ્યો*

# અમારા પ્રેમિલાબહેન કમાતા થયા અને પોતાના મા-બાપને ભેટમાં બળદની જોડી આપી



*પ્રેમીલાબેનના પરિવાર સાથે આદરણીય પ્રતુલભાઈ શ્રોફ*

૩,૦૦૦ના સ્ટાયપન્ડથી મને નોકરી મળી અને મને જાણે રામ મળ્યા. કોઈ માટે આ રકમ કદાચ નાની હશે. પણ, મારા માટે આ લાખો રૂપિયા જેવી. અમે ચાર ભાઈ-બહેન. પપ્પાની નાનકડી ખેતી. એમણે પેટે પાટા બાંધીને અમને ભણાવ્યા. હું ભણી પણ મારી પાસે નોકરી ન હતી. લગ્ન પણ બાકી.. ખેતીકામ કરુ છતાં જાણે બોજ હોઉ એવું લાગતું. નાસીપાસ થઈ ગયેલી. એ વખતે મને ડૉ.કે.આર.શ્રોફ ફાઉન્ડેશનમાં શિક્ષીકા તરીકે નોકરી મળી. તાલીમ ચાલતી હતી એ વખતે મને ૩,૦૦૦ રૂપિયા પગાર મળતો.

અમારી ખેતીની જમીન કઈ બહુ મોટી નહીં. જે મળે એમાંથી બાર મહિના નીકળી જાય એવું પણ નહીં. આવામાં મારો પગાર મારા પરિવારમાં ટેકારૂપ સાબિત થયો. પહેલા ઘરમાં પૈસા ન હોય ને ઘરમાં જરૂરી સામાન લાવવાનો થાય તો દુકાનદાર ક્યારેક ઉધાર આપે, ક્યારેક ન પણ આપે. પણ, હું નોકરી કરતી થઈ પછી ઘરમાંથી મારી બહેન કે પપ્પા સામાન લેવા જાય તો કહે, તમારી દીકરી કમાય છે, પગાર આવશે એટલે ઉધાર ચુકવી દેશે તમને જે જોઈએ એ સામાન લઈ જાવ. હું કમાતી થઈ એટલે ઉધારમાં સામાન મળે આ મારે મન બહુ મોટી વાત.

નર્મદા જિલ્લાના જાવલીગામ પ્રેમિલાબેન રહે. બહુ મહેનતુ પ્રેમિલા બહેનને પરિવાર પર અપાર સ્નેહ. ખેતીકામમાં મદદ કરીને એ

પરિવારને ટેકો કરવા મથે પણ નોકરી મળ્યા પછી એમના ટેકાથી ઘરની સ્થિતિ બદલાઈ ગઈ. ખેતીકામમાં ખેડ માટે બળદની જરૂર પડે. પ્રેમિલાબેનના પિતા પાસે બળદ નહીં એ કલાકના હિસાબે બળદને ભાડેથી લાવે. એમાં સારા એવા પૈસા જાય. પ્રેમિલાબહેને એમના પગારમાંથી બચત કરી અને બળદોની જોડી પિતાને લઈ આપી. પિતા તો આ ઘટનાથી ગદગદ થઈ ગયા.

દીકરી ભણે, પગભર થાય એ કોઈ પણ કુટુંબ માટે ગૌરવ લેવા જેવી બાબત. પ્રેમિલાબેનના ભાઈ કહે, 'પ્રેમિલા અમારા ઘરની તારણહાર. એના જેવી બહેનથી અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ.'

પ્રેમિલાબેનનો પગાર હવે સારો છે. પણ એમણે આ સ્તરે પહોંચવા ખુબ મહેનત કરી. ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક આદરણીય શ્રી પ્રતુલભાઈ શ્રોફ નર્મદા જિલ્લામાં ફાઉન્ડેશનના શૈક્ષણિક કાર્યોને જોવા માટે આવ્યા ત્યારે એમને પ્રેમિલાબહેને પોતાના પિતાને ખેતીકામ માટે બળદો ખરીદીને આપ્યા ને ઘરમાં એમના આર્થિક ટેકાથી પરિવારની જિંદગી બદલાઈ ગઈ એ વાત જાણી. એમણે ખાસ પ્રેમિલાબેનને મળવા એમના ઘરે ગયા. પરિવારજનોએ ઉષ્માભેર પ્રતુલભાઈનું સ્વાગત કરી પોતાની દીકરીને નોકરી આપવા બદલ એમનો આભાર માન્યો.

ફાઉન્ડેશન નર્મદા જિલ્લામાં ૨૫૦ થી વધારે ભણેલા પણ બેરોજગાર હતા તેવા વ્યક્તિઓને રોજી રોટી આપી છે. બાળકોના ભવિષ્યને ઊજળુ બનાવવા મથતી અમારી ટીમ પર અમને ગૌરવ છે.



*ખેતી કરવા માં-બાપને બે બળદ ભેટ આપ્યા*

# સ્વાવલંબન

સફળતા એને મળે જે એની શોધમાં સતત લાગ્યા રહે. આ વાક્ય ક્યાંક વાંચેલું ને વાંચીને સફળતાની શોધ કરતા નાના માણસોને શું મૂંઝવણ થાય છે તે સમજવા પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. KRSF અનેક સંસ્થાઓને આર્થિક ટેકો કરે. આ સંસ્થાઓમાંથી છેવાડે વસતા માણસો માટે કાર્યરત સંસ્થાઓને નાના માણસોના સ્વપ્ન સાકાર કરવામાં અમે મદદ કરવાનું નક્કી કર્યું.

સપનું માણસની આર્થિક ક્ષમતા જોઈને ન આવે. બસ એ આવે. અમે સપના જોનાર નાના માણસો સાથે બેઠા ને તેમના સપના સાકાર કરવા શું જોઈએ એની વાત કરી. સૌએ નાનકડી સહાય લોન પેટે માંગી. અમે એ આપવાનું શરૂ કર્યું અને જે પરિણામો મળ્યા તે મજાના હતા.

સાથે જ ગામોમાં રહેતા શિક્ષીત યુવાનોને વિવિધ તાલીમો આપીને પગભર કરવાનું KRSF દ્વારા થઈ રહ્યું છે.

KRSFમાં અમારા પ્રતુલભાઈએ એમના જીવનની બહુ મોટી મૂડીનું અનુદાન આપ્યું. મહેતનથી કમાયેલો આ રૂપિયો અનેક મહેનતકશ લોકોના જીવનને સાર્થક કરવામાં મદદરૂપ થતો જોઈ આનંદ થાય છે.

## સંસ્થા દ્વારા અત્યાર સુધી લોન આપી જેમને સક્ષમ કરવામાં આવ્યા છે તેમની વિગત:

| અનુદાનની રકમ | લોનની સંખ્યા | | | કુલ રકમ | | હયાત ભંડોળ | ઈમ્પેક્ટ ટકાવાર |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પૂર્ણ થયેલ | ચાલુ | પૂર્ણ થયેલ | ચાલુ | | |
| ૨,00,00,000 | ૧,૫૦૮ | ૬૫૧ | ૮૫૭ | ૫,૦૭,૮૫,000 | ૩,૪૫,૬૮,૪૬૦ | ૧,૬૨,૧૬,૫૪૦ | ૨૫૩.૯૩% |
| ૩,00,00,000 | ૧,૬૭૨ | ૨૬૦ | ૧,૪૧૨ | ૫,૫૯,૮૫,000 | ૨,૭૧,૨૪,૧૮૯ | ૨,૭૧,૨૪,૧૮૯ | ૧૮૬.૬૨% |
| ૫,00,00,000 | ૩,૧૮૦ | ૯૧૧ | ૨,૨૬૯ | ૧૦,૬૭,૭૦,000 | ૬,૧૬,૯૨,૬૪૯ | ૬,૧૬,૯૨,૬૪૯ | ૨૧૩.૫૪% |

પંખીને પાંખ હોય તો આકાશનો ડર નથી રહેતો
તેમ મનુષ્ય સ્વાવલંબન હોય તો ભવિષ્યની ચિંતા નથી રહેતી.

*સ્વનિર્ભર બનાવવાની ઝુંબેશ*

# નિ:શુલ્ક પ્રશિક્ષણ આપી બેરોજગાર યુવાનોને નોકરીએ લગાડ્યા



*ટેલી અકાઉન્ટીંગ કોર્સની પ્રથમ બેંચ*

આજના યુગમાં જ્યાં શિક્ષિત બેરોજગારી એક વિકટ સમસ્યા બની ગઈ છે, ત્યાં ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ યુવાનોને સશક્ત બનાવવાની દિશામાં એક અગત્યનું પગલું ભર્યું છે. સંસ્થાના સ્થાપકો પ્રતુલભાઈ શ્રોફ અને ઉદયભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ ચાલતી આ સંસ્થા શિક્ષણ, પર્યાવરણ અને યુવા વિકાસના ક્ષેત્રે સક્રિયપણે કાર્યરત છે. જે બેરોજગાર યુવા ધન માટે એક વરદાન સમાન છે.

યુવાનોને માત્ર શિક્ષિત જ નહીં પણ રોજગારપાત્ર બનાવવાના ધ્યેય સાથે KRSF એ ટેલી અને એકાઉન્ટન્સીનો નિ:શુલ્ક વ્યવસાયિક તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તે કોઈપણ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ (આર્ટસ, કોમર્સ, સાયન્સ) ધરાવતા યુવાનોને માત્ર બે-અઢી મહિનામાં પ્રાયોગિક કૌશલ્યો સાથે સજ્જ કરે છે. નોંધનીય એ છે કે બજારમાં આવી તાલીમ માટે દસ હજારથી બાર હજાર રૂપિયા ખર્ચાય છે, જ્યારે KRSF આ તાલીમ સંપૂર્ણપણે નિ:શુલ્ક આપે છે.

આ તાલીમ કાર્યક્રમમાં યુવાનોને બેઝીક એકાઉન્ટિંગ, ટેલી પ્રાઇમ, જીએસટી, ટીડીએસ, આવક વેરો, એમએસ ઓફિસ - એક્સેલ, વર્ડ, ઇંગ્લિશ કમ્યુનીકેશન અને પર્સનાલિટી ડેવલપમેન્ટ, મેઈલ રાઇટિંગ જેવા



*તજજ્ઞો દ્વારા પ્રેક્ટીકલ અને થીયરી દ્વારા પ્રશિક્ષણ*

મુખ્ય વિષયો પર તાલીમ આપવામાં આવે છે. તાલીમ પૂર્ણ કરનાર યુવાનોને KRSF દ્વારા સીએ ફર્મ્સ, એકાઉન્ટિંગ કંપનીઓ અને મેન્યુફેક્ચરિંગ યુનિટ્સમાં પ્લેસમેન્ટની સુવિધા પણ પ્રદાન કરવામાં આવે છે.

આ કાર્યક્રમની સફળતાની અસર ગુજરાતના દૂરદરાજના વિસ્તારો સુધી પહોંચી છે. ગ્રામીણ પરિવારોના યુવાનો, જેમને ખર્ચાળ તાલીમ લેવાની ફરજ પડતી નથી, તે અગાઉના બેચના ઘણા તાલીમાર્થીઓ આજે વિવિધ સંસ્થાઓમાં સફળતાપૂર્વક કાર્યરત છે અને તેમના પરિવારોનો મુખ્ય આર્થિક આધાર બની ગયા છે.

KRSF આગામી સમયમાં આવા વધુ કાર્યક્રમો શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. સંસ્થાના ઉદ્દેશ્યોમાં ડિજિટલ માર્કેટિંગ, ગ્રાફિક ડિઝાઇનિંગ અને સોફ્ટ સ્કિલ્સ જેવા નવા કોર્સ ઉમેરવાનો સમાવેશ થાય છે. આ પ્રયાસ યુવાનોને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે નિઃશુલ્ક તાલીમ, ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને રોજગારીની ખાતરી દ્વારા યુવાનોના ભવિષ્યને ઉજ્જવળ બનાવી રહ્યો છે.

(નોંધઃ આ કોર્સમાં ભાગ લેવા માટે કોઈપણ યુવાન પાત્ર છે. વધુ વિગતો માટે KRSF ઓફિસમાં સંપર્ક કરો.)

સ્વાવલંબન એ જીવનની
એવી કુંજી છે,
જે દરેક તાળું ખોલી શકે છે

# એક સાયકલ - 10,000 રૂપિયાથી જીંદગી બદલાઈ જાય!



*પહેલા થેલો લઇ ફેરી કરતા સાયકલ આવતા થોડો ભાર હળવો થયો.*

એક થેલામાં હજાર પંદરસોની કટલરી લઈને હું વેચતો. ઘરેથી સાત વાગે નીકળુ ને પછી નક્કી કરેલા ગામનું વાહન મળે ત્યારે એ ગામમાં પહોંચુ. એ ગામમાં પગપાળા વાળના બદલામાં બોરિયા બકલ વેચવાનું કરતો. એક દિવસમાં એક ગામમાં ફરી શકાય. સાંજ પડતા બસો ત્રણસો મળી જાય એટલે જાણે બસ થઈ ગયું. સાયકલ ખરીદી શકુ તો બે ગામ ફરી શકાય. પણ એ લેવા પૈસા નહોતા. ધંધામાં સામાન વધારવાનુંયે મન થતું પણ...

ભાટવરગામના સુરેશભાઈએ ભારે હૈયા આ વાત કરી.

સાયકલ જેની કિંમત પાંચ- સાત હજારથી વધારે નહીં હોય પણ એનાથી એક વ્યક્તિની જિંદગી બદલાઈ જાય. એમની રોજીમાં સીધો ફરક પડી જાય. પણ એ ખરીદવા જેટલી મૂડી સુરેશભાઈ પાસે નહીં. આપણામાંના કેટલાય એક ચપટીમાં પાંચ સાત હજાર ખર્ચી નાખતા હશે જ્યારે બીજી બાજુ સુરેશભાઈ પાંચ હજાર ભેગા કરવા કેવી આકરી મહેનત કરે?

આમ તો બનાસકાંઠાનો વાવ તાલુકો ઉનાળામાં ઘણો આકરો લાગે. આવા આકરા તાપમાં પગપાળા ફરવું કલ્પના પણ ન થાય.

સુરેશભાઈ જે સમાજમાંથી આવે. એ બધા અમારા ખુબ પ્રિય. બજાણિયા સમુદાયનું અમારા પર હેત પણ નોખુ. અમારા કાર્યકર

ભગવાનભાઈને એમની સ્થિતિનો ખ્યાલ આવ્યો ને અમે સુરેશભાઈને દસ હજારની લોન આપી. એમાંથી એ સાયકલ લાવ્યા ને ધંધા માટે થોડો સામાન. સાયકલ પર સામાન ગોઠવી એ પહેલીવાર વેચવા ગયા ત્યારે એમના હરખનો પાર નહોતો.

હવે સાયકલ પર એ બે ગામ ફરી શકે છે. દસ હજારની લોન એમણે પૂરી કરી ને હવે બીજી ત્રીસ હજારની લોન એમણે માંગી છે જેથી જુનામાં બાઈક ખરીદી શકાય. ને ધંધો થોડો વધારે કરી શકાય. પાંખો આપવાનું કાર્ય KRSF એ VSSM સાથે મળીને કર્યું.

સુરેશભાઈનું સ્વપ્ન પોતાનું પાક્કુ ઘર કરવાનું અને ધંધો વધારવાનું. આ બેય કાર્યમાં અમે સાથે રહીશું. મૂળે તો અમારા પરિવારો છે. ને એમની પ્રગતિ - તરક્કી થાય તો અમે પણ રાજી.



*રમેશભાઈના પરીવાર સાથે VSSM ના મિત્તલબેન ને તેમના કાર્યકર*

જ્યાં સુધી તમે પૂછતા રહેશો "હવે શું કરું?"
ત્યાં સુધી તમારું જીવન બીજાના હાથમાં રહેશે.
સ્વાવલંબન વ્યક્તિએ આનો જવાબ મેળવવા
પહેલા જવાબદારી લેતા શીખવી પડે...

# ઈશ્વર જ મારુ ધ્યાન રાખે નહીં તો સંકટની ઘડીમાં તમે સાથે આવ્યા નહોત!




પ્રહલાદભાઈ બીજાની મદદ કરતા ઈશ્વરે તેમની મદદમાં અમને નિમિત્ત બનાવ્યા

રામ નામ મુખ મે રહે,
ઉર મે દયા અરુ દાન
લાખ વિઘન ટરી (ટળી) જાત હૈ
આખરી હોત કલ્યાણ - કવિ દુલાભાયા કાગની આ વાત અમારા પ્રહલાદભાઈના કિસ્સામાં જાણે સાચી ઠરી.

પ્રહલાદભાઈ ગાંધીનગરના લોદ્રામાં રહે. જીવ એકદમ દયાળુ. આર્થિક ક્ષમતા ઝાઝી નહીં છતાં શારીરિક રીતે જે પણ થાય તે ટેકો જરૂરિયાત મંદ પરિવારોને કરે. એટલે જ કુદરતે એમનું ધ્યાન રાખ્યું.

એક કંપનીમાં એ કામ કરતા હતા. અચાનક તબિયત લથડી પણ સમયસર સારવાર મળી એટલે બચી ગયા. એમણે કરેલા સતકર્મ આગળ આવ્યા.

ઓપરેશન પછી ભારે કામ ન થઈ શકે. એમણે પોતાના લોદરા ગામમાં જ ઈલેટ્રકીટસની દુકાન નાખી. એ વખતે પાસે ઝાઝા પૈસા નહોતા જે હતું એમાંથી દુકાન કરી. ઈલેક્ટ્રીક્સનો સામાન વેચવાની સાથે સાથે એ લાઈટ, પંખા રિપેર પણ કરે.

અમારા કાર્યકર રીઝવાનભાઈના સંપર્કમાં આવ્યા પછી પ્રહલાદભાઈને અમે લોન આપી. જેનાથી એમની દુકાનમાં સામાન વધાર્યો ને ધંધો એકદમ સરસ ગોઠવાઈ ગયો.

પ્રહલાભાઈ માને કે, “ઈશ્વર જ મારુ ધ્યાન રાખે નહીં તો સંકટની ઘડીમાં તમારુ મારી સામે આવવાનું ન થાય!”

કેવી ગજબ શ્રદ્ધા. પ્રહલાદભાઈનો ધંધો એકદમ સરસ ગોઠવાઈ ગયો છે. હવે તો એ અમારા સ્વયંસેવક બની ગયા છે.

KRSF થકી પ્રહલાદભાઈ જેવા હજારો પરિવારો સુખી થયા તેનો રાજીપો.. પ્રહલાદભાઈ હજુ પણ વધારે તરક્કી કરે તેવી શુભભાવના...

# અમારી પાસેથી લોન લઈને સક્ષમ થયેલા વ્યક્તિઓનું સન્માન તેમજ બચતમંડળ બનાવી આર્થિક સક્ષમ થવા માંગતી બહેનોની વાતો..




*વગર વ્યાજની લોન લઇ બહેનો સ્વમાનભેર જીવતી થઇ*

હાથની રેખા પ્રમાણે ચાલનારા છે ઘણા,

ચાલ તારાઓની બદલે એ જ શક્તિમાન - શેખાદમ આબૂવાલાની આ વાત અમે જે પરિવારોને સ્વાવલંબી બનાવવા લોન આપી મદદ કરીએ એ પરિવારોને મળીએ ત્યારે ખરી લાગે.

ગુજરાતના વીસથી વધારે જિલ્લામાં KRSF દ્વારા આર્થિક રીતે સ્વાવલંબી બનવા માંગતા પરિવારોને લોન આપવામાં આવી છે. VSSM સાથે મળીને આ કાર્ય થઈ રહ્યું છે.

સ્વાવલંબન કાર્યક્રમ અંતર્ગત અમે સ્વતંત્ર ધંધો કરવા માંગતી બહેનોના સંગઠન-બચતમંડળો બનાવવાનું પણ કરીએ. અમે જેમને લોન આપી છે તે લોનધારકોમાંથી તેમજ બચતમંડળ બનાવ્યા પછી ઊડીને આંખે વળગે તેવી પ્રગતિ જેમણે કરી છે તેવા લોનધારકોના સન્માનનો કાર્યક્રમ KRSF અને VSSMની નિશ્રામાં બનાસકાંઠા, મહિસાગર, વડોદરા, ખેડા, આણંદ, અમદાવાદ જિલ્લામાં આયોજીત થયો. જેમાં જે તે જિલ્લાના લોનધારકો તેમજ બચતમંડળના બહેનો ખાસ ઉપસ્થિતિ રહ્યા.

કાર્યક્રમમાં અમારા ભીખીબહેન અને ગૌરીબહેને દસ દસ બહેનોના બચત મંડળ બનાવ્યા તેમના સન્માન થયા. આ બહેનોના બચતમંડળ થકી બહેનો નિયમીત દર મહિને

બસો રૃપિયાની બચત કરે છે. ભીખીબહેનના મંડળને તો સરકારની મીશન મંગલ યોજના અંતર્ગત ૫ લાખ રૂપિયા રીવોલ્વીંગ ફંડ પેટે પણ મળ્યા.

શાકમાર્કેટમાં પથારો પાથરી કટલરી વેચતા ભીખીબહેને અમારી પાસેથી લોન લઈને ઘંઘો મોટો કર્યો. હવે તેઓ લારી પણ ધંધો કરે ને ઘણું કમાય છે.

ભીખીબહેન જેવા અનેક લોન ધારકોએ લોન લઈને શરૂ કરેલા ધંધામાં કેવી બરકત થઈ છે તેની વાત કરી.

ઉપસ્થિતિ લોન ધારકોમાંથી જેમણે સૌથી સારી રીતે પોતાનો ધંધો વિકસાવ્યો હોય. ઘરમાં મુશ્કેલી આવી, ધંધો સાવ બેસી ગયો છતાં નિયમીત લોનના હપ્તા ભર્યા હોય તેવા લોન ધારકોનું સન્માન ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના સ્થાપક આદરણીય પ્રતુલભાઈ શ્રોફના હસ્તે કરવામાં આવ્યું.

સૌના શુભમાં સદાય નિમિત્ત બનીએ તેવી શુભભાવના...



*બહેનોના મંડળને મિશન મંગલ યોજના અંતર્ગત ૫ લાખ રીવોલ્વીંગ ફંડ તરીકે મળ્યા.*

સપના કોઈ બતાવે, એ તમારું નસીબ છે,
પણ સપના સાકાર કરવા માટેપગલાં તમારાં જ હોવા જોઈએ.
અને એ જ સાચો સ્વાવલંબી છે.

# વૃક્ષ ઉછેર

વૃક્ષો એ પૃથ્વીનું ઘરેણું નથી, પણ તેના અસ્તિત્વનો આધાર છે. જ્યાં વૃક્ષો છે, ત્યાં જીવન છે, ત્યાં આશા છે, ત્યાં ભવિષ્ય છે. આપણી પ્રાચીન સંસ્કૃતિથી વૃક્ષોને દેવતુલ્ય માનવામાં આવે છે. પીપળો, વડ, ઉમરો, લીમડો  જેવા વૃક્ષોને આરાધ્ય ગણવામાં આવે છે, કારણ કે તેઓ ફક્ત છાંયો જ નહીં, પણ આરોગ્ય, આનંદ અને આધ્યાત્મિક શાંતિ આપે છે.

આજે વિશ્વમાં દર વર્ષે ૧૫ અબજ વૃક્ષો કપાય છે, જ્યારે ફક્ત ૫ અબજ જ વાવવામાં આવે છે. આ આંકડો ચેતવણી આપે છે કે જો આપણે હવે નહીં જાગીએ, તો આવનારી પેઢીઓને શુષ્ક, નીરસ અને ઓક્સિજનવિહીન દુનિયા વારસામાં મળશે. ગુજરાતના ખૂણે ખૂણે વૃક્ષારોપણ એ ફક્ત હરિયાળી લાવવાની યોજના નથી, પણ ગુજરાતનાં શુષ્ક વિસ્તારોને ફરી જીવંત કરવાનો પ્રયત્ન છે. જ્યારે એક વૃક્ષ વાવવામાં આવે છે, ત્યારે આપણે માત્ર લાકડું નહીં, પણ સમગ્ર પરિવર્તન વાવીએ છીએ વૃક્ષો જમીનનું જળ સંરક્ષણ કરે છે અને ભૂગર્ભજળને રિચાર્જ કરે છે.  એક પરિપક્વ વૃક્ષ વાર્ષિક ૨૦-૩૦ કિલો ઓક્સિજન આપે છે અને ૨૦-૫૦ કિગ્રા કાર્બન ડાયોક્સાઈડ શોષે છે. એક વૃક્ષ પર સેંકડો પ્રજાતિઓની જીવસૃષ્ટિ નિર્ભર રહે છે.

જંગલ વિભાગ અને શિક્ષણ વિભાગની આ પહેલમાં અમે ડૉ.કે.આર. શ્રોફ ફાઉન્ડેશન અને VSSM એક નાનો ટેકો બન્યા છીએ. આ પહેલ ફક્ત વૃક્ષો વાવવાની નથી, પણ સમાજના દરેક વર્ગને જોડી, પર્યાવરણ માટે જાગૃતિ ફેલાવવાની છે. ગ્રામીણ ક્ષેત્રોમાં લોકોને સાથે જોડી, પારંપરિક જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય કરી, અમે યુવાનો અને બાળકોને વૃક્ષ ઉછેર સાથે જોડી, ભવિષ્યના પર્યાવરણપ્રેમીઓ તૈયાર કરીએ છીએ.

વૃક્ષારોપણ એ કૃતજ્ઞતાની ભાવના છે. આપણે લીધું છે, તેથી આપણે પાછું આપવું જોઈએ. KRSF દ્વારા અત્યાર સુધી પાંચ લાખથી વધારે વૃક્ષો વાવ્યા એ પણ જતનની જવાબદારી સાથે.. જ્યાં વૃક્ષો વવાયા તેને અમે ગ્રામવન કહીએ.. આ ગ્રામવનોની કેટલીક વાતો...

| ક્રમ | જીલ્લો | સાઈટ | કુલ વૃક્ષો |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૭ | ૫૪,૩૪૭ |
| ૨ | સાબરકાંઠા | ૧૦ | ૩,૮૪,૬૬૦ |
| ૩ | પાટણ | ૦૧ | ૪૮ |
| કુલ | | ૩૮ | ૪,૩૯,૦૫૫ |

*એક વૃક્ષ નહિ, જંગલો બનાવવા મથ્યા તેની વાતો*

# વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ KRSF દ્વારા ધરતીને હરિયાળી કરવાના પ્રયત્નોને બીરદાવ્યા



*અમારા કાર્યકરોને પર્યાવરણ મુદ્દે ચર્ચા કરવા વિધાનસભામાં આમંત્રણ*

સાબરકાંઠાની અમારા પુરક શિક્ષકો દ્વારા હવે માત્ર પુસ્તકોનો જ નહિ, પરંતુ પર્યાવરણનો પણ પાઠ ભણાવાઈ રહ્યો છે. અહીં શિક્ષણનો એક નવો માળો ઊભો થયો છે, જેમાં બાળકોને માત્ર લખવું અને વાંચવું જ નહિ, પણ ધરતી માટે કંઈક કરવું પણ શીખવાઈ રહ્યું છે. દરેક બાળકને એક વૃક્ષ આપીને માળી બનાવી દીધા છે – તેઓ પોતે એને ઉછેરે છે, તેને પાણી પીવડાવે છે, તેની દેખભાળ કરે છે અને તેનું રક્ષણ પણ કરે છે. આ રીતે બાળકો શીખી રહ્યા છે કે એક છોડ ઉછેરવો એ જીવન જીવવાની સૌથી સુંદર તાલીમ છે.

જ્યાં બાળકો મમ્મી-પપ્પાની સાથે વૃક્ષના પાલનહાર બને છે, ત્યાં શિક્ષકો અને શાળાના કાર્યકરો પણ પાછળ નથી. તેઓ બાળકોના લીલાં મિત્રોના માર્ગદર્શક બનીને તેમને આ કાર્યમાં પ્રેરણા આપે છે, માર્ગ બતાવે છે. આવું કરવાની શરૂઆત એક નાનાં પગલાંથી થઈ હતી, પણ આજે તે એક વિશાળ યાત્રા બની ગઈ છે. માત્ર કેટલાંક છોડ ઉછેર્યા એવું નથી,

પણ આજે અમારી પાસે ૭૦,૦૦૦થી વધુ વૃક્ષોનું લીલું લશ્કર ઊભું થયું છે – દરેક વૃક્ષ એક સંકલ્પનું, પ્રેમનું અને સંવેદનાનું પ્રતિક છે.

અમારા બાળકોના આ નાના પ્રયાસો હવે ગુજરાત રાજ્યના વિધાનસભા સુધી પણ પહોંચ્યા છે. જે આપણા માટે એક અનોખું ગૌરવ છે. વિધાનસભાના આદરણીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા તથા શ્રી મુકેશભાઈ પટેલ સુધી અમારી આ લીલી ક્રાંતિની ગાથા પહોંચાડવામાં આવી. ડૉ. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના લીલા કાર્યકરો રાહુલભાઈ અને ગીરીશભાઈએ પર્યાવરણ સંબંધિત આ કાર્યની સંપૂર્ણ રજૂઆત કરવા વિધાનસભાના આંગણે આવવા આમંત્રણ મળ્યું. ગુજરાતભરની અનેક વૃક્ષપ્રેમી સંસ્થાઓ પણ આ પ્રસંગે હાજર રહી. બધા મહાનુભાવોએ આપણા આ સંકલ્પને હૃદયપૂર્વક બિરદાવ્યો – અને એ થી ઊંડો સંદેશો મળ્યો કે નાનાં બાળકોના નાનાં પગલાં પણ રાજ્યના વિકાસમાં મોટું યોગદાન આપી શકે છે.

નાના બાળકોથી પણ આવું પરિવર્તન આવે અને તે મોટા લોકો ઝીલી લે તે જોઈ ખુશી થાય...







*સાબરકાંઠાને હરિયાળું બનાવવાનો સંકલ્પ*

# એક પેડ માં કે નામ



૩૫,૨૯૬ વિદ્યાર્થીઓને એક-એક છોડ આપવામાં આવ્યો

એક બાળ – એક વૃક્ષ અભિયાનની શરૂઆત ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ ખેડબ્રહ્માથી કરવામાં આવી હતી. આ અભિયાનને આગળ વધારવા માટે માનનીય કલેક્ટરશ્રી, સાબરકાંઠા નૈમેષભાઈ દવે સાહેબ, IAS, આર.એફ.ઓ. શ્રી નરેશભાઈ ચૌધરી સાહેબ, ડી.એફ.ઓ. અને શ્રી શ્રેયસભાઈ પટેલ સાહેબનું માર્ગદર્શન મળ્યું. અભિયાનની શરૂઆત ગલોડીયા ગામે સેમિનાર દ્વારા થઈ હતી, જેમાં કલેક્ટર સાહેબ, ફોરેસ્ટ વિભાગ, શિક્ષણ વિભાગ તથા ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ તબક્કામાં ખેડબ્રહ્મા અને પોશીનાની ૮૨ શાળાઓમાં ૧૩,૯૮૯ છોડોનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ આ કાર્યક્રમ ભિલોડા, વડાલી, વિજયનગર અને મેઘરજ સુધી વિસ્તર્યો, જ્યાં ૨૩૧ શાળાઓમાં કુલ ૨૮,૧૮૪ છોડો વિતરણ કરાયા. ફાઉન્ડેશન દ્વારા કરાયેલા સર્વે (૨ વર્ષ બાદ) મુજબ તેમાંથી ૧૮,૪૨૯ છોડો જીવંત રહ્યા હતા.

૨૦૨૪માં "એક પેડ – માં કે નામ" કાર્યક્રમ સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠાની ૩૩૨ શાળાઓમાં અમલમાં આવ્યો, જેમાં કુલ ૩૫,૨૯૬ વિદ્યાર્થીઓને એક-એક છોડ આપવામાં આવ્યો. આ અભિયાનમાં ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના તમામ ક્લસ્ટર હેડ અને શિક્ષકોએ તથા વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો. ૨૦૨૪-૨૫માં ગીરીશભાઈ પ્રજાપતિને આ અભિયાનની સ્વતંત્ર જવાબદારી સોંપવામાં આવી, જેમાં ૭૮૫ શાળાઓમાં ૩૯,૬૭૪ છોડોનું વિતરણ કરવામાં આવ્યું તથા તાલુકા સ્તરે નર્સરીઓ ઊભી કરવામાં આવી. આ નર્સરીઓ દ્વારા ગામ અને શાળાઓમાં સતત છોડોની ઉપલબ્ધિ રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું.આ



*કુલ ૩૯,૬૭૪ છોડનું વિતરણ કર્યું*

અભિયાનની સફળતા અને પર્યાવરણ પ્રત્યેના અનન્ય યોગદાનને કારણે ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનને જિલ્લા સ્તરે વર્ષ ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ માં સન્માન પ્રાપ્ત થયું છે.

આગામી તબક્કામાં ૭૫,૦૦૦ છોડ ઉછેરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. તેમાં ખેડબ્રહ્મા તાલુકાની એચ. કે. પટેલ હાઇસ્કૂલ ( ઉંચીધનાલ), પોશીનાની શ્રીકાન્ત આશ્રમશાળા (દેમતી), વિજયનગરમાં સરસવ પ્રાથમિક શાળા, ભિલોડાની શિલાદ્રી પ્રાથમિક શાળા તેમજ મેઘરજ તાલુકાની ઢૂંઢેરા પ્રાથમિક શાળા તથા શણગાલ પ્રાથમિક શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ કામગીરીને આગળ વધારવા માટે ફોરેસ્ટ વિભાગ, શિક્ષણ વિભાગ તેમજ ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનમાંથી ઝોનલ હેડ, કલસ્ટરહેડ, ટીમ લીડર અને શિક્ષક મિત્રોની વિશાળ મદદ મળી છે. વિશિષ્ટ કરીને અરવલ્લી જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી મહોદયશ્રી દિપેશભાઈ કેડીયા સાહેબ, IAS અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી નૈનેશભાઈ દવે સાહેબનું મહત્વપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. સાથે સાથે તમામ તાલુકાના આર.એફ.ઓ. નો સહકાર અભૂતપૂર્વ રહ્યો છે, જેમાં સાબરકાંઠા-અરવલ્લીના ડી.એફ.ઓ. ડો.ધવલભાઈ ગઢવી સાહેબ, ખેડબ્રહ્મા-પોશીનાના આર.એફ.ઓ શ્રી નરેશભાઈ ચૌધરી સાહેબ, ઇડરના આર.એફ.ઓ. શ્રી ગોપાલભાઈ પટેલ સાહેબ, વિજયનગરના આર.એફ.ઓ. શ્રી સંજયભાઈ ખરાડી સાહેબ, વડાલીના આર.એફ.ઓ.શ્રી હસમુખભાઈ ડાભી સાહેબ, મેઘરજના આર.એફ.ઓ. શ્રી મેહુલભાઈ સાહેબ તથા ભિલોડાના આર.એફ.ઓ. શ્રી રાજુભાઈ ડામોર સાહેબનો સમાવેશ થાય છે. આ સાથે તમામ ફોરેસ્ટ સ્ટાફનો પણ સંપૂર્ણ સહયોગ રહ્યો છે.

શિક્ષણ વિભાગમાંથી બી.આર.સી. કો.ઓર્ડીનેટરશ્રી, સી.આર.સી કો.ઓર્ડીનેટરશ્રી, આચાર્ય તથા શિક્ષકગણનું સતત પ્રોત્સાહન અને સહકાર મળતો રહ્યો છે. આ અભિયાન માત્ર વૃક્ષારોપણ પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, જવાબદારી અને પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વિકસાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ રીતે અભિયાન એક મોટું સામાજિક આંદોલન બની રહ્યું છે, જેમાંથી ભવિષ્યમાં પર્યાવરણને લાંબા ગાળાનો લાભ મળશે.

# "એક વખત ભરોસો કરીને અમારા ગામમાં વૃક્ષો વાવો, અમે જીવની જેમ એનું જતન કરીશું."



*VSSM ના માધ્યમથી ૧૨,૦૦૦ થી વધુ વૃક્ષો વાવ્યા*

બનાસકાંઠાના કુડાગામના જાગૃત સરપંચ શ્રી દિનેશભાઈ તેમજ ગામના જાગૃત અને પર્યાવરણ પ્રેમી માણસોએ અમારી પાસે વૃક્ષમંદિર નિર્માણમાં મદદ કરવાની વાત કરવા આવ્યા ત્યારે કરી. આવા સંવેદનશીલ માણસો હોય તો કામ કરવું ગમે જ. પણ ગામની સ્મશાન ભૂમી જ્યાં વૃક્ષો વાવી ઉછેરવાના હતા એ લગભગ વીસ વિઘાથી વધારે જગ્યામાં માત્ર ગાંડા બાવળ ઊભેલા. જમીન પણ ઉબડ ખાબડ. દિનેશભાઈએ કહ્યું, ''આ બધુ અમે ઠીક કરી દઈશું ચિંતા ન કરો.'' ને એમણે સૌએ મોટુ ભંડોળ ભેગું કરી લગભગ એક મહિનો સખત કામ કરીને જમીનને ચોખ્ખી ને સરખી કરી. શ્રાવણ મહિના દરમ્યાન જ્યારે ગાંડો બાવળ કાઢવાનું કામ ચાલતુ હતું ત્યારે બપોરનું ભાથુ પણ સૌ સ્મશાનમાં જમ્યા. આવું જાગૃત ગામ. અમે લગભગ ૧૨,૦૦૦ થી વધારે વૃક્ષો અમારા આદરણીય પ્રતુલભાઈ શ્રોફ ૮ ડો. કે.આર. શ્રોફ ફાઉન્ડેશનની મદદથી ગામમાં વાવ્યા. બે વૃક્ષમિત્રો વૃક્ષોનું જતન કરવા રાખ્યા.

વૃક્ષો વાવ્યા પછી પાણીનો બોરવેલ બગડી ગયાના સમાચાર આવ્યા. અમને ચિંતા હતી વૃક્ષોનું જતન થશે કે કેમ તેની. પણ ગામે બે લાખ જેટલો ફાળો ભેગો કર્યો ને સિંચાઈ વિભાગે

બાકીના પૈસા આપ્યા ને નવો બોરવેલ કર્યો. પણ આ દરમ્યાન એમણે એક પણ વૃક્ષને મરવા ન દીધું. વૃક્ષો માટે આટલી સંવેદના બહુ ઓછા લોકોમાં જોવા મળે.

દિનેશભાઈ ઘણી વખત ફોન કરીને બેન અમારા કૃષ્ણ વિણા ગ્રામવનમાં ક્યારે આવો છો એવું પુછતા તે વૃક્ષો વાવ્યાના બે વર્ષે ગ્રામવનમાં જવાનું થયું. મૂળ સરકારની સુજલામ સુફલામ યોજના તેમજ KRSF અને VSSM દ્વારા કુડાનું તળાવ ઊંડુ થઈ રહ્યું હતું તે જોવા ગયાને તળાવની સામે જ અમારુ ગ્રામવન જોયું. જેમાં ૧૨,૦૦૦ વૃક્ષો લહેરાઈ રહ્યા હતા. જોઈને આનંદીત થવાયું.

પાણી પર્યાવરણના કાર્યો ભાવી પેઢી માટે સઘન થાય એ માટે આદરણીય પ્રતુલભાઈ સક્રિય. તેમની પાસેથી અનેકો પ્રેરણા લે અને પોતાની રીતે પૃથ્વીને હરિયાળી બનાવવા મથે તેવી શુભભાવના.

દિનેશભાઈ અને એમની ટીમ તેમજ સમગ્ર કુડાગ્રામવાસીઓનો પણ ઘણો ઘણો આભાર. પાણી અને પર્યાવરણના કામો માટે આવા જ જાગૃત રહેજોની શુભેચ્છા.







કૃષ્ણ-વીણા વન - ૪

# ઝાડના ફળ જેને જેટલા ખાવા હોય તે મફત ખાય



વૃક્ષો વાવી તેના જતન કરવા પર KRSF ભાર મુકે

સાબરકાંઠાનું ઘડી ગામ વૃક્ષો માટે મમતા રાખનારુ અનોખુ ગામ. ગામમાં આંબા અને જાંબુની વાડીઓ જોતાં જ મન પ્રસન્ન થઈ જાય. અહીં ''રામ કી ચિડીયા, રામ કા ખેત, ખાલે ચિડીયા ભર ભર પેટ'' આ ઉક્તિ સાચી ઠરે છે. આંબા પરની કેરીઓ અને જાંબુ સૌ કોઈ મન ભરીને ખાઈ શકે છે, કારણ કે પંચાયતને તેને વેચીને આવક ઊભી કરવાની ભાવના નથી.

ઘડી ગામ પોતાના ગામની તમામ, ખુલ્લી જગ્યાઓમાં વૃક્ષો વવાય તેવી ભાવના રાખે. એ ભાવનાથી જ એમણે ડો. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) તેમજ VSSM ને પોતાના ગામમાં વૃક્ષો વાવી ઉછેરવા મદદરૂપ થવા કહ્યું અને અમે ગામના સહયોગથી ત્યાં ૪૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું. વાવેલા વૃક્ષો આજે ખૂબ સરસ રીતે ઉછરી રહ્યા છે.

ગામના સરપંચશ્રીએ કહ્યું કે, આવતા વર્ષે હજુ વધારે વૃક્ષો ગામમાં વવાય તેવી તેમની ઈચ્છા છે અને અમે સાથે મળીને આ કાર્ય કરીએ. ખરેખર, આ કેવી ઉમદા ભાવના! ઘડી ગામની જેમ સૌ કોઈ પોતાના ગામને વૃક્ષ આચ્છાદિત કરે તેવી અમારી શુભભાવના છે.



ટપક સિંચાઈથી વૃક્ષોને પાણી મળે.

# જળ વ્યવસ્થાપન

પાણી એ માત્ર એક કુદરતી સંસાધન નથી, પરંતુ જીવનનો આધારસ્તંભ છે. માનવ અસ્તિત્વથી લઈને પર્યાવરણના સંતુલન સુધી, દરેક ક્ષેત્ર પાણી પર નિર્ભર છે. આજના સમયમાં જ્યારે જળ સંકટ એક વૈશ્વિક પડકાર બની રહ્યું છે, ત્યારે તેનું યોગ્ય વ્યવસ્થાપન અત્યંત આવશ્યક છે. ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન (KRSF) આ મહત્વને સમજે છે એટલે જ જળ સંચય, જળ વ્યવસ્થાપનના કાર્યોમાં સક્રિય છે. VSSM સાથે મળીને ઉત્તર ગુજરાત કે જ્યાંના ભૂગર્ભજળ જોખમી સ્થિતિએ પહોંચ્યા છે ત્યાં પાણીના તળ સાબદા થાય તે માટે KRSF પ્રયત્નશીલ છે.

| ક્રમ | જીલ્લો | તાલુકા | કુલ તળાવ |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૦૬ | ૨૭ |
| ૨ | બનાસકાંઠા | ૦૪ | ૧૬ |
| ૩ | મહેસાણા | ૦૨ | ૦૮ |



*કનઈ ગામે સરોવર જેવું તળાવ બનાવ્યું*

*તળાવો બાંધવા તે અતિ ઉત્તમ કીર્તિદાયક કાર્ય*

# બનાસકાંઠામાં નર્મદા ડેમ જેવું તળાવ



*જુના મોજારું ગામનું તળાવ ઊંડું કર્યું*

મહાભારતના અનુશાસનપર્વ- દાનધર્માન પર્વના અધ્યાય અઠ્ઠાવનમાં દાનધર્મનું મહત્વ શું છે તે પ્રશ્ન બાણશય્યા ઉપર સૂતેલા ભીષ્મ પિતામહને યુધિષ્ઠિર પુછે છે. જેના જવાબમાં પિતામહ યુધિષ્ઠિરને સમજાવતાં કહે છે, જેમાં પુષ્કળ પ્રકારનું ધાન્ય ઉત્પન્ન કરવાની શક્તિ હોય જેમાં પ્રાણીમાત્રને નિવાસ કરવાની અનુકૂળતા હોય તે ભૂમી શ્રેષ્ઠ છે. આવી ભૂમિમાં તળાવો બંધાવવાં એ ઉત્તમ કાર્ય. જે વ્યક્તિ તળાવ બંધાવે તે વ્યક્તિ ત્રણે લોકમાં પૂજાય. તળાવ પ્રાણીમાત્ર માટે ઉપકાર કરનારુ છે. તળાવો બંધાવા તે અતિ ઉત્તમ કીર્તિદાયક છે.

તળાવની મહત્તા આજથી પાંચ હજાર વર્ષ પહેલા લખાયેલા મહાભારતમાં આ રીતે વર્ણવામાં આવી છે. મૂળ તો જીવન પાણી વગર અશક્ય. ઈશ્વર ધરતી પર અમૃતરૂપી પાણી વરસાવે. આ બધા પાણીને ઝીલવામાં આવે અને એનું યોગ્ય વ્યવસ્થાપન થાય તો પાણીની અછત ન રહે. પણ આપણે વ્યવસ્થાપન ભૂલ્યા ને ક્યાંક પાણી ધારણ કરનાર વાસણ એટલે કે તળાવો - જલમંદિરોને પણ ભૂલ્યા.

આ તળાવો માટી ભરાતા છીછરા થાય તેમાં પાણી ભરાવવાની ક્ષમતા ન રહી ને એટલે પેલી કહેવત પ્રમાણે કૂવામાં હોય તો અવાડામાં આવે. તળાવમાં પાણી ભરાય તો બોરવેલ, કૂવામાં આવે. પણ પાછલા ચાલીસ વર્ષમાં લોકો તળાવને ભૂલ્યા. અમે આવા તળાવોના જિર્ણોદ્ધારનું કાર્ય આરંભ્યું.

સરકારની સુજલામ સુફલામ યોજના અંતર્ગત બનાસકાંઠાના મોજરુ જુના ગામનું તળાવ સરકાર અને KRSF એ VSSM સાથે ભાગીદારીમાં ઊંડુ કર્યું.

ભૂગર્ભજળ ઝટ ઉપર આવે તે માટે સરકાર દ્વારા આ તળાવમાં મા નર્મદાના પાણી પણ નંખાશે.

ગામે ગામ જલમંદિરો ઊંડા થાય તેવી અપેક્ષા રાખીએ છીએ અને આ સતકાર્યમાં KRSF, VSSM સાથે અનેક સંસ્થાઓ જોડાય તેવી ભાવના રાખીએ છીએ.



*સુજલામ સુફલામ યોજના અને VSSM ની સહાયથી તળાવ ઊંડું કર્યું*



*ડાર્ક ઝોનમાં ઉત્તર ગુજરાત મોખરે*

# ધરતીની રક્તવાહીની એવા જલમંદિરનો જીર્ણોદ્ધાર

''પાંત્રીસ ચાલીસ વર્ષ પહેલા અમે કુવામાંથી હાથેથી પાણી લઈ શકતા. અમારા ભૂગર્ભજળ એટલા ઉપર હતા. ખેડૂતો કૂવાથી ખેતી કરતા. પણ પછી બોરવેલ આવ્યા ને અમે સૌએ અમાપ પાણી ઉલેચ્યા એટલે ભૂગર્ભજળ આજે ૮૦૦ તો ક્યાંક ૧,૦૦૦ ફૂટે પહોંચ્યા.''

બનાસકાંઠાના કુડાનું તળાવ સરકારની સુજલામ સુફલામ યોજના તેમજ KRSF સાથે મળીને VSSM દ્વારા ઊંડુ થઈ રહ્યું હતું તે જોવા ગયા એ વખતે ગામના આગેવાનભાઈએ આ કહ્યું. પાંત્રીસ ચાલીસ વર્ષ પહેલા જળથી મબલક ભૂગર્ભમાં આજે જળ ખૂટી રહ્યા છે. ભારતના ભૂગર્ભને લઈને સૌથી સંવેદનશીલ વિસ્તારમાં બનાસકાંઠા એક છે. અમે વર્ષોથી ત્યાં જળસંચયના કાર્યો કરીએ. સરકાર હવે આ વિસ્તારમાં સઘન પ્રયત્નો કરે જે જોઈને રાજી થઈએ છીએ.

લાખણી અને દિયોદરના ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ પણ પોતાના વિસ્તારના તળ પાણીદાર થાય તે માટે સતત પ્રયત્નશીલ. આદરણીય કેશાજીના પ્રયત્નથી સરકારે સુજલામ સુફલામ યોજનામાં કુડાનું તળાવ ખોદવાની અમને મંજૂરી આપી. ખોદકામ માટે થનાર ખર્ચમાં ૬૦ ટકા સરકાર આપશે બાકીના પૈસા ડો. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન આપશે. જળ માટેની આ અમારી કટીબદ્ધતા.

એક વખત જે જલમંદિર માણસોથી ઊભરાતું એ જલમંદિર આજે માણસોથી વાટ જોઈ રહ્યું છે. અમે આ જલમંદિરના જીર્ણોદ્ધાર પછી તળાવની પાળે ગ્રામજનોના સહયોગથી નાનકડુ મંદિર બાંધવાનું પણ કરીશું. જેથી તળાવો ગંદા થતા અટકે.

ગામે ગામ જેટલા પણ છે તે તમામ જલમંદિરોનો જીર્ણોદ્ધાર થાય તે ઈચ્છનીય. કુડાગામની સક્રિયતા એમના જલમંદિર માટે ઘણી. સરપંચ શ્રી દિનેશભાઈ તેમજ ગામના યુવાનો પાણી પર્યાવરણના કામો માટે ખુબ જાગૃત. બસ આવા જ જાગૃત રહેજો ને આજે તળાવનું નવીનીકરણ થયું છે તે વર્ષો વર્ષ આવું રહે તે માટે મથજો.



*કુડા ગામને હવે પાણી માટે વલખા નહિ મારવા પડે*

# મળેલ સુખ વહેચ્યું

ડૉ. કે.આર.શ્રોફ ફાઉન્ડેશન (KRSF) ગુજરાતના વિકાસના સ્વપ્નને સાકાર કરવા માટે તો મથે જ પણ એનાથી આગળ આંતર રાજ્યના દૂર-દરાજના વિસ્તારોમાં જમીની સ્તરે કાર્ય કરતી કેટલીક સંસ્થાઓને મજબૂત કરવાનું પણ કરે છે. અમારા પ્રતુલભાઈ સમગ્ર વિશ્વ એક પરિવાર એ ભાવનાને માને એટલે જ ગુજરાતના સીમાડા તેઓ વટાવી શક્યા અને ભારતના ગામોને સદ્ધર કરવા મથતી વિવિધ વિષયોને લઈને કામ કરતી સંસ્થાઓને મદદ કરવાનું કર્યું.

આ સહયોગ માત્ર આર્થિક સહાયતા સુધી સીમિત નથી, પરંતુ KRSF પોતાની પાસે રહેલા વ્યાવસાયિક જ્ઞાન, સંચાલન કૌશલ્યો અને દીર્ઘકાલીન આયોજનની સમજને આ સંસ્થાઓ સાથે વહેંચી રહ્યું છે. જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ હોય કે પિંતીબેન જેવી સ્વપ્નશીલ મહિલાઓ, અથવા તો કારીગરોને ઉદ્યોગસાહસિક બનાવવાની નેમ ધરાવતી કારીગર ક્લીનક સંસ્થા, દરેકને KRSF નો સાથ મળ્યો છે. આ ભાગીદારી થકી, આ સંસ્થાઓ માત્ર તેમની વર્તમાન કામગીરીને વધુ સુવ્યવસ્થિત જ નથી કરી રહી, પરંતુ ભવિષ્ય માટે એક મજબૂત પાયો પણ તૈયાર કરી રહી છે. KRSF નો આ અભિગમ એ વાતને રેખાંકિત કરે છે કે સાચો વિકાસ ત્યારે જ સંભવ છે જ્યારે આપણે સૌ એકબીજાના સહયોગથી આગળ વધીએ અને આપણી પાસે જે છે તે વહેંચીને એક વધુ સમૃદ્ધ અને સમાન સમાજનું નિર્માણ કરીએ.



*બાળકોના ભવિષ્યના નિર્માણમાં નિમિત્ત બન્યાનો રાજીપો*

નાની-નાની સંસ્થાઓનો હાથ પકડી સાથે ચાલ્યા તેની વાતો

# આદિવાસી સમુદાય સાથે કામ કરવાનો લ્હાવો



જન કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટ કાગશાળા

દક્ષિણ ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં, જ્યાં જીવનની મૂળભૂત જરૂરિયાતો મેળવવી પણ સંઘર્ષમય છે, ત્યાં કેટલાક લોકો ધૂણી ધખાવી એ વિસ્તારની કાયાપલટ માટે મથી રહ્યા છે. જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ પણ એવી જ એક સંસ્થા. જે આ વિસ્તારના આદિવાસી ભાઈ-બહેનોના જીવનમાં નવી આશાનું કિરણ લાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહી છે. ભલે તેમની પાસે સાધનો મર્યાદિત હોય. પણ, તેમનો સંકલ્પ અડગ છે. પરંતુ ઘણીવાર, આવા નાના પાયા પર કામ કરતી સંસ્થાઓને લાંબા ગાળાની યોજનાઓ બનાવવામાં અને ટીમના સભ્યો વચ્ચે કામની સ્પષ્ટ વહેંચણી કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન (KRSF) એ જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટને વહીવટી કુશળતા કેળવવામાં તેમજ કામનો આગળ ધપાવવા આર્થિક સહયોગ કરવાનું શરૂ કર્યું.

ટ્રસ્ટમાં હવે, દર મહિને કામનું મૂલ્યાંકન થાય છે, દરેક વ્યક્તિની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આના પરિણામે, ટીમ વધુ સારી રીતે સમજી શકે છે કે તેમનું વ્યક્તિગત કાર્ય સંસ્થાના મોટા ઉદ્દેશ્યો સાથે કેવી રીતે જોડાયેલું છે. આ વ્યવસ્થાથી ટીમમાં કામ કરવાની ભાવના વધી છે, અને દરેક વ્યક્તિ પોતાની પ્રગતિને માપી શકે છે, અને જરૂર પડે તો પોતાના કામમાં સુધારો પણ કરી શકે છે.

ટ્રસ્ટના સ્થાપક ગૌતમભાઈ ચૌધરી ભાવુક થઈને કહે છે, “અમે આજે ડાંગ જિલ્લાના

સૌથી વધુ ગરીબ બાળકોના શિક્ષણમાં મદદ કરી રહ્યા છીએ. અમારો મુખ્ય હેતુ આ બાળકો વધુ સારું ભણે અને જે પરિવારો કામ મેળવવા શહેરોમાં સ્થળાંતર કરે છે તેમના બાળકો શાળા છોડી તેમની સાથે ન જાય તે. આ ઉપરાંત, અમે પચાસથી વધુ એવા પરિવારોને વગર વ્યાજે લોન આપીએ છીએ જેઓ કામ શોધવા માટે પોતાનું ઘર છોડીને જતા રહે છે. અમે તેમને ગાય-ભેંસ પાળવા, વર્મીકમ્પોસ્ટ ખાતર બનાવવા અને ઓર્ગેનિક ખેતી કરવા જેવી પ્રવૃત્તિઓ માટે પૈસાની મદદ કરીએ છીએ, જેથી તેમને પોતાનું ગામ છોડીને ક્યાંય જવું ન પડે. આ પ્રયત્નોથી તે પરિવારોની માસિક આવકમાં સાતથી દસ હજાર રૂપિયાનો વધારો થયો છે. અમે KRSF ની મદદથી અમારુ કાર્ય ડાંગના ઘણા વિસ્તારોમાં ફેલાવી શક્યા છીએ અને ૧૦૦ થી વધુ જરૂરિયાતમંદ લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવી શક્યા છીએ."

તેઓ ઉમેરે છે, "KRSF એ માત્ર કામ કરવાની પદ્ધતિ જ નથી શીખવાડી, પરંતુ અમારા કામનો દૂરગામી હેતુ શું હોવો જોઈએ તે પણ સમજાવ્યું છે. હવે અમે વર્તમાનની સાથે ભવિષ્યનું પણ વિચારી શકીએ છીએ અને એવા કાર્યો કરીએ છીએ જે લાંબા સમય સુધી સમાજને ઉપયોગી થાય."

કામના હિસાબની વ્યવસ્થા ઊભી કરવાથી લઈને સંસ્થાના વહીવટી માળખાને મજબૂત કરવા સુધી, કે.આર.એસ.એફ. (KRSF)ની ભાગીદારીએ જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટને એક વધુ મજબૂત અને ભવિષ્ય માટે તૈયાર સંસ્થામાં પરિવર્તિત કરી દીધી છે.



*૧૦૦ થી વધુ બાળકોમાં સકારાત્મક બદલાવ લાવ્યાનો રાજીપો*



*બાળકો સાથે ગૌતમભાઈ*

જન કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટને અમે એક મજબૂત સમાજ નિર્માણ માટેની તેમની ભાવનાને આગળ ધપાવવા ટેકો કર્યો છે. આમ પણ અમે માનીએ છીએ કે, આપણને મળેલું સુખ આપણા એકલાનું નથી એ સૌનું. ટ્રસ્ટ અનેકોના જીવનમાં પ્રકાશ પાથરે તેવી શુભભાવના.



*વર્મી કમ્પોસ્ટ માટે પણ સહાય કરીએ*

# ઇસ સાઈડ સે કચરા ડાલોગે તો ઉસ સાઈડ સે કાલા સોના નિકલેગા

વલસાડના કપરાડા તાલુકાનું એક નાનકડું ગામ સાહોડા. અહીં પિંતીબેન રહે, જેમની બે આંખોમાં સપનાં ધબકતા હતા અને બે ખભે ઘરની જવાબદારીનો ભાર. એમની જિંદગી પહેલાં તો સાદા પાણીની જેમ વહેતી હતી. માંડ સાત-આઠ હજારની આવકમાં ઘરનું ગુજરાન ચલાવવાનું. પણ, પિંતીબેનના મનમાં ક્યાંક કશુંક કરવાની, આર્થિક રીતે સદ્ધર થવાની ભાવના ધબકતી હતી.

પિંતીબેનના સપનાને સાકાર કરવા ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન અને આશ્રય ચેરિટેબલ ટ્રસ્ટ જાણે દેવદૂત રૂપે મળ્યા. એમણે પિંતીબેનનો હાથ પકડ્યો અને શીખવાડ્યો એક અદ્‌ભુત જાદુ કચરામાંથી કંચન બનાવવાની કળા! અળસિયાંની ફોજ ભેગી કરીને ઓર્ગેનિક કચરાને ફળદ્રુપ સોનામાં બદલવાની વિદ્યા.

પિંતીબેનને પહેલાં તો આ બધું સાંભળીને નવાઈ લાગી. અળસિયાં? કચરો? અને એમાંથી ખાતર? પણ એમને વિશ્વાસ હતો અમારા પર. એમણે પૂરા દિલથી કામ શરૂ કર્યું. KRSF એ  થોડી મૂડી આપી અને પિંતીબેને પોતાના ઘરના ખૂણે જ એક નાનકડું વર્મીકમ્પોસ્ટનું સામ્રાજ્ય ઊભું કરી દીધું...



*પોતે પગભર થઇ ૮૪ બહેનોને પગભર કરી*




ઘરેથી જ કચરામાંથી કંચન બનાવવાનું શરુ કર્યું

નાનકડું પણ ધમાકેદાર! અને પરિણામ? પહેલા જ બે મહિનામાં એક હજાર કિલો ખાતર વેચાયું ને સીધા આઠ હજાર રૂપિયા ખિસ્સામાં! પિંતીબેનની મહેનત આખરે રંગ લાવી. હવે એમના ઘરની આર્થિક તંગી જાણે ક્યાંય ગાયબ થઈ ગઈ અને એમના ચહેરા પર એક નવી જ રોશની ચમકવા લાગી. હવે તો એ પોતાના વ્હાલસોયા દીકરાઓને મોટા શહેરમાં ભણાવવાના સુંદર સપનાં પણ જોવા લાગ્યા છે.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશ અને આશ્રય ચેરિટેબલ ટ્રસ્ટે પિંતીબેન જેવી ૮૪ બહેનોને પણ આર્થિક રીતે સશક્ત બનાવી છે. આ બધી બહેનો હવે પોતાના ખેતરમાં રાસાયણિક ખાતરને બદલે ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા પણ વધે છે અને પાક પણ સોના જેવો લહેરાય છે.

પિંતીબેન આજે સાહોડા ગામની એક આગવી ઓળખ બની ગયા છે. એમણે સાબિત કરી દીધું કે જો મનમાં કંઈક કરવાની તમન્ના હોય, કોઈ સાચો રસ્તો બતાવે અને આપણામાં હિંમત હોય તો ગરીબી પણ દૂર ભાગે છે અને કચરો પણ કમાણીનું માધ્યમ બને છે.

પિંતીબેનની આ સફર અનેક ગ્રામીણ મહિલાઓ માટે પ્રેરણાદાયી. અમે પિંતીબેન જેવી ૮૪ બહેનોને આર્થિક રીતે સક્ષમ કરી શક્યા એનો રાજીપો.

રાસાયણનાં રંગ શરીર બગાડે,
ઓર્ગેનિક ખેતર શરીર-મનને સાફ કરે.

# કારીગરને બિઝનેસ મેન/વુમન બનાવવાની નેમ



*કારીગર ક્લીનીકના સભ્યો સાથે અમારા આદરણીય ઉદયભાઈ*

એક સપનું આપણા કારીગરોના ગૌરવને ધૂળમાંથી ઉંચકીને આકાશમાં ચમકાવવાનું, એમની કલાને એવી ઓળખ આપવાની કે દુનિયા જોતી રહી જાય, અમે ઇચ્છીએ છીએ કે તેમના ઘરમાં રૂપિયાનો વરસાદ થાય! અમે ઇમારતો બનાવવામાં નહીં, પણ લોકોના દિલમાં હિંમત અને હાથમાં હુનર ભરવામાં માનીએ છીએ. દરેક વ્યક્તિ અને દરેક સમાજ પોતાની જાતે સફળતા મેળવે, એવી અમારી ઇચ્છા છે. આ સપનાને સાકાર કરવા માટે કારીગર ક્લિનિક (જેને બનયન ટ્રી ફાઉન્ડેશન પણ કહેવાય છે) એક ખાસ કામ કરી રહ્યું છે. આ આપણા દેશનું પહેલું એવું 'દવાખાનું' છે જ્યાં કારીગરોના ધંધાને એવી 'સારવાર' મળે છે કે તેઓ માત્ર મજૂર નહીં, પણ પોતાના ધંધાના રાજા બની જાય છે!

જ્યારે બે સંસ્થાઓ એક જ ધ્યેય માટે સાથે આવે છે, ત્યારે કારીગરોની કિસ્મત સાચે જ બદલાઈ જાય છે. વર્ષ ૨૦૨૪માં KRSF અને કારીગર ક્લિનિક એ એક મજબૂત ભાગીદારી કરી. આ ભાગીદારીથી ડાંગ જિલ્લાના ૨૦૦ કારીગરોનું જીવન સુધરશે. આ કોઈ નાનો પ્રોજેક્ટ નથી, પરંતુ ગરીબીની દીવાલોને તોડી પાડવા જેવું મોટું અને મહત્વનું કામ છે. આ બંને સંસ્થાઓ સાથે મળીને 'બિઝનેસ વેલનેસ પ્રોગ્રામ' ચલાવશે. આ ત્રણ મહિનાનો એક ખાસ કોર્સ છે જે કારીગરોના મગજમાં ધંધાના મુખ્ય પાઠ એવી રીતે બેસાડશે કે તેઓ પોતે જ



*અમારી અને કારીગર ક્લીનીકની ભાગીદારીમાં જે લોકો પગભર થયા તે લોકો*

પોતાના ધંધાના બ્રાન્ડ એમ્બેસેડર બની જશે. તેમને શીખવવામાં આવશે કે ધંધાનો પ્લાન કેવી રીતે બનાવવો, કામકાજને કેવી રીતે નિયંત્રિત કરવું અને પૈસાનું યોગ્ય રીતે સંચાલન કેવી રીતે કરવું.

આ પ્રોગ્રામમાં કારીગરોને માત્ર ધંધાકીય જ્ઞાન જ નહીં, પણ પોતાની બનાવેલી વસ્તુઓને આકર્ષક નામ અને લોગો આપતા પણ શીખવવામાં આવશે, જેથી લોકો તેમની પ્રોડક્ટ્સને સરળતાથી ઓળખી શકે અને ખરીદી શકે. તેમને જૂની કળાને નવી ફેશન સાથે જોડીને આકર્ષક વસ્તુઓ બનાવતા શીખવવામાં આવશે, જે બજારમાં ધૂમ મચાવી દે. સૌથી અગત્યની વાત એ છે કે તેમને નવા બજારો વિશે માહિતગાર કરવામાં આવશે જ્યાં તેમની કળાની સાચી કિંમત મળે, પછી ભલે તે ઓનલાઈન હોય કે ઓફલાઈન. પહેલા તબક્કામાં ૩૫ કારીગરોએ આ તાલીમ લેવાનું શરૂ પણ કરી દીધું છે. તેમને એવી રીતે તાલીમ આપવામાં આવી રહી છે કે તેઓ માત્ર હાથથી જ નહીં, પણ બુદ્ધિથી પણ કુશળ બને અને પોતાના ધંધાના બાદશાહ બની શકે.

KRSF અને કારીગર ક્લિનિક બંને જાણે છે કે માત્ર પૈસા કમાવવાથી જ વાત નહીં બને, સમાજમાં આદર અને ઇજ્જત પણ હોવી જોઈએ. વર્ષોથી આપણા કારીગરો, જેઓ આપણી સંસ્કૃતિના સાચા વારસદાર છે, તેઓ પડદા પાછળ રહીને કામ કરતા હતા. હવે આ ભાગીદારી તેમને દુનિયા સામે લાવશે. અમારું સપનું છે કે ૨૦૨૫-૨૬ સુધીમાં ૨૦૦ કારીગરો એટલા સશક્ત બને કે કોઈ તેમને હરાવી ન શકે, તેમની આવક બમણી થાય અને દરેક કારીગર પોતાના ગામમાં બીજાઓ માટે પણ રોજગારી ઊભી કરે. ૨૦૩૦ સુધીમાં, આ કારીગરો દ્વારા ચાલતા ધંધાથી ૧ લાખ નવી નોકરીઓ ઊભી થાય અને ૫ લાખ લોકોનું જીવન સુધરી જાય, એવું અમારું લક્ષ્ય છે. આ કોઈ દાન-ધર્મ નથી, પણ એક નવો ગેમ પ્લાન છે જે કારીગરોને તેમની કિસ્મત જાતે જ લખવાની તાકાત આપશે.

# એક ડગલું બાળકોના સ્વાસ્થ્ય માટે

એક જૂની કહેવત છે કે, "જો તમારે કોઈ બાળકને દોડાવવું હોય તો તેની પાછળ દોડો, પણ જો તેને ખૂબ દૂર સુધી દોડાવવું હોય તો તેની સાથે દોડો." કંઈક આવી જ રીતે શ્રીમદ્ રાજચંદ્ર મિશન હોસ્પિટલ, ધરમપુર અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશને સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની સરકારી શાળાના બાળકોમાં એનિમિયા (લોહીની કમી) ની તપાસ માટે એક સહિયારો પ્રયત્ન કર્યો. આ કાર્ય ૨૦૨૪-૨૫ના ભણતરના વર્ષમાં શરૂ થયુ.

શ્રીમદ રાજચંદ્ર મિશનની ટીમના વિરેનભાઈ તથા અન્ય સભ્યો દ્વારા ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના ૩૦ શિક્ષકોને આ માટે તાલીમ આપવામાં આવી તથા એનીમિયાનો ટેસ્ટ કરી શકાય એ માટે ટેસ્ટીંગ કીટ, લોહી તપાસવા માટેની સ્ટ્રીપ અને બાળકોના લોહીની તપાસનો રેકોર્ડ જાળવવા માટે પોર્ટલની સગવડ પૂરી પાડી.

ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશનના 18 શિક્ષકોની એક ટીમ સાબરકાંઠાના પોશીના અને ખેડબ્રહ્માની ૭ આશ્રમ નિશાળોમાં ગઈ. તેમણે ૧૨૪૮ બાળકોના લોહીની તપાસ કરી. તેવી જ પ્રમાણે ભિલોડા અને મેઘરજની ૧૧૮ શાળાઓમાં ચીફ ડીસ્ટ્રીકટ હેલ્થ ઓફિસર ડો.જયેશભાઈ પરમાર તથા તેમના મેઘરજના તાલુકા હેલ્થ ઓફિસર ડો.એક્વિન્સ આનંદરાય બલાત અને ભિલોડા તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિમલ ખરાડીની સહાયથી ૧૦,૨૫૨ બાળકોની તપાસ કરવામાં આવી. આ બાળકોને એનિમિયા વિશે એવી રીતે સમજાવવામાં આવ્યું. આ બાળકો નિયમિત દવા




*અમારા ૩૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી*



પોશીના, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં તપાસ

લે તેની જવાબદારી નિશાળના વાલીઓ અને ડૉ. કે. આર. શ્રોફની ટીમના કાર્યકરોએ લીધી.

ત્રણ મહિના પછી ફરીથી તેમનો લોહીનો ટેસ્ટ થશે. જ્યાં સુધી તેમનું હિમોગ્લોબિન (લોહીનું પ્રમાણ) નિયત આંકડાને પાર ન કરે, ત્યાં સુધી આ સારવાર ચાલુ રહેશે. આ એક એવી સામાજિક જવાબદારી છે કે જ્યાં સુધી આ બધા બાળકો સંપૂર્ણપણે સ્વસ્થ ના બની જાય ત્યાં સુધી નિયમિતપણે ચાલુ રાખવી પડશે. શ્રીમદ રાજચંદ્ર મિશન હોસ્પિટલ અને ડૉ. કે. આર. શ્રોફ ફાઉન્ડેશન આ બાળકોના જીવનમાં એક નવી આશાનો સૂરજ લાવવા માટે પૂરી કોશિશ કરી રહ્યા છે, જેથી તેમનું ભવિષ્ય સારું અને સ્વસ્થ બની શકે.



શ્રીમદ રાજચંદ્ર મિશન હોસ્પિટલના પ્રયાસથી આ કાર્ય શક્ય બન્યું

# ગામડાંના ઘરોમાં આરોગ્યનો દીવો



*લોકોના ઘરે જઈને તપાસ થાય*

નાની દાબદર નામના એક નાના ગામમાં રમેશભાઈ ગાવિત રહેતા હતા. એક દિવસ તેમના ગામમાં AAA+ પ્રોજેક્ટમાંથી એક આરોગ્ય કાર્યકર એક ભાઈને લઈને આવ્યા. તેમણે ગામના લોકોને ભેગા કરીને એક સભા કરી અને કોઈ અજાણી બીમારી વિશે માહિતી આપી, બધાને સમજાવ્યું. રમેશભાઈએ બધું ધ્યાનથી સાંભળ્યું, પણ ત્યારે કંઈ પૂછ્યું નહીં. એ જ સાંજે રમેશભાઈ તે આરોગ્ય કાર્યકરબેનના ઘરે ગયા અને તેમને વાત કરી. તેમણે કહ્યું કે, ‘‘તમે આજે મીટિંગમાં જે બીમારીના લક્ષણો જણાવ્યા, એવું જ વર્તન મારો નાનો ભાઈ કરે છે. તે બધા સાથે લડે છે, કોઈ કામ કરતો નથી, આખો દિવસ સૂતો રહે છે, નાહવા-ધોવાનું પણ ધ્યાન નથી રાખતો અને નાની વાતમાં ગુસ્સે થઈ જાય છે. એટલે મારે તેની દવા શરૂ કરાવવી છે, પણ મારા ભાઈને ખબર ન પડે તે રીતે બધું કરવું પડશે.’’

આરોગ્ય કાર્યકરબેને તરત જ કહ્યું, ‘‘દર બુધવારે ખારેલમાં ડોક્ટર આવે છે, પણ આપણે ત્યાં જવાની જરૂર નથી. આપણે ઘરેથી જ વિડીયો કોલ કરીને ડોક્ટર સાથે વાત કરી લઈશું. પછી બીજા દિવસે શિવારીમાળ આવીને દવા લઈ જવાની અને તમારા ભાઈને ખબર ન પડે તે રીતે જમવામાં આપી દેવાની.’’ જે રીતે નક્કી કર્યું હતું, એ જ રીતે બધું થયું. શરૂઆતમાં રમેશભાઈનો ભાઈ જમવામાં દવા લેવાની આનાકાની કરતો હતો, પણ રમેશભાઈએ હિંમત ન હારી અને પ્રયત્નો ચાલુ રાખ્યા. તેઓ નિયમિત રીતે દવા આપતા રહ્યા. આજે તેમના ભાઈના વર્તનમાં ઘણો સુધારો આવ્યો છે. હવે તે ઘરમાં બધા સાથે હળીમળીને રહે છે અને બધા કામ પણ કરે છે. રમેશભાઈ કે.આર. શ્રોફ ફાઉન્ડેશન અને ખારેલ સંસ્થાનો ખૂબ ખૂબ આભાર માને છે, કારણ કે તેઓ તેમના જેવા દૂરના ગામોમાં AAA+ જેવા

આરોગ્ય અને વિકાસના પ્રોજેક્ટ ચલાવે છે અને તેમને સુવિધાઓ પૂરી પાડે છે. ઓછા પૈસામાં દવા મળી, જેના કારણે આજે તેમનો ભાઈ જીતેન્દ્ર સારો થઈ શક્યો છે.

બીજી બાજુ, મહારાષ્ટ્રની રાધિકાબેન (નામ બદલ્યું છે), જેને બે વર્ષની એક નાની દીકરી પણ હતી. તેમને ગર્ભાશયના મુખમાં ગાંઠ હોવાથી ઘણી તકલીફ થતી હતી અને સંબંધ બાંધવામાં પણ મુશ્કેલી આવતી હતી. બીજી કોઈ હોસ્પિટલમાં દવાથી તેમને કોઈ ફરક પડ્યો ન હતો. તેમના પતિ તેમની સાથે ઝઘડો અને મારામારી કરતા હતા, તેથી તેમના માસી તેમને પોતાના ઘરે ડાંગમાં લઈ આવ્યા હતા. એક દિવસ સંસ્થાના AAA+ પ્રોજેક્ટમાં કામ કરનાર આરોગ્ય કાર્યકર તેમને મળ્યા અને શિવારીમાળ ગામમાં દર ગુરુવારે ખારેલથી સ્ત્રી રોગ નિષ્ણાત ડોક્ટર આવે છે, તેમને બતાવવાની સલાહ આપી.

રાધિકાબેનના માસી તેમને ગુરુવારે શિવારીમાળ લઈ ગયા અને ત્યાં તપાસ કરાવી. રાધિકાબેનને વધુ સારવાર માટે ખારેલ હોસ્પિટલમાં બોલાવવામાં આવ્યા. ખારેલમાં બીજી તપાસ પછી નાનું ઓપરેશન કરવાની જરૂર જણાતી હતી. પરંતુ રાધિકાબેન માટે ઓપરેશનનો ખર્ચો કોણ કરે ? તેમના પતિ તો તેમની સાથે વાત પણ કરતા ન હતા અને કોઈ ફોન પણ કરતા ન હતા. રાધિકાબેન પાસે આયુષ્માન કાર્ડ પણ ન હતું. તેથી ખારેલ હોસ્પિટલમાંથી રાધિકાબેનની બધી સારવાર મફતમાં કરવામાં આવી. રાધિકાબેન સાજા થઈ ગયા. હવે તેમને કોઈ તકલીફ નથી. તેમના પતિ સાથે પણ તેમના સંબંધો સુધરી ગયા.

આજે રાધિકાબેન તેમના પતિ અને દીકરી સાથે તેમની સાસરીમાં ખુશીથી રહે છે. તેઓ અને તેમના માસી આરોગ્ય કાર્યકર અને સંસ્થાને દિલથી આભાર માને છે. આમ, કે.આર. શ્રોફ ફાઉન્ડેશન અને ખારેલ સંસ્થા દૂરના ગામડાઓમાં આરોગ્ય સેવાઓ પહોંચાડીને રમેશભાઈ અને રાધિકાબેન જેવા અસંખ્ય લોકોના જીવનમાં આશાનું કિરણ બની રહી છે. તેમની મદદથી ઘણા લોકો સારી સારવાર મેળવીને સ્વસ્થ અને સુખી જીવન જીવી રહ્યા છે.



*તેમની મેડીકલ હિસ્ટ્રીને છુપી રાખવામાં આવે*

# વલ્લભ વિદ્યા વિહાર પાનસર

"અમે નાના નાના બાળ... અમે મોટા થાશું ને જગ દોરશું!"

જ્યારે અમે આ પંક્તિઓ સાંભળીએ છીએ ત્યારે માત્ર ગીત નહીં, પણ અમારું કાર્યદ્રષ્ટિ અને ઉદ્દેશ્ય બંને જીવંત થાય છે.

Dr. K.R. Shroff Foundation (KRSF) તરીકે અમારું માનવું છે કે, શિક્ષણ એ સર્વશ્રેષ્ઠ ઉપહાર છે, અને જ્યારે એ શિક્ષણ સમાજના સૌથી પાછળ રહેલા બાળકો સુધી પહોંચે, ત્યારે એ સંસ્કૃતિ બને છે.

અમે વર્ષોથી વિચારતા સમુદાય સમર્થન મંચ (VSSM) સાથે સહકારથી કાર્ય કરી રહ્યાં છીએ. તેના પરિણામે આજે જે વાતો મૂર્તિમંત થઈ છે તે અમારા માટે ગૌરવનો વિષય છે.

અમારા સહયોગથી VSSM ની હોસ્ટેલમાં રહીને ભણતા અનેક બાળકો — જેમ કે લીલા, હેતલ, ગાયત્રી, વિપુલ, ગીતાબેન, કાર્તિક, તરુણ અને જાનવી — આજે ધોરણ ૧૦ કે ૧૨ સુધી પહોંચી ગયા છે.

આ બાળકોના જીવનમાં પૂર્વે એવી કોઈ વ્યવસ્થિત શૈક્ષણિક તકો નહોતી. પણ આજે તેઓ જીવનમાં આગળ વધવા તૈયાર છે — આત્મવિશ્વાસ અને ઉત્સાહ સાથે.

લીલાનું સપનું IAS ઓફિસર બનવાનું છે.



*લીલાનું સપનું છે કે IAS ઓફિસર બનવું છે.*



*VSSM ટીમ અને હોસ્ટેલ સ્ટાફની બહુ મહેનત*

તેને જોઈને અમે ખૂબ ગર્વ અનુભવી રહ્યા છીએ.

તે કહે છે કે, "જેમ તમે અમારા સમુદાય માટે જીવન જીવી રહ્યા છો,

હવે હું પણ અધિકારી બની આ સમુદાય માટે જીવવા માંગું છું."

અમે આ બાળકોના ભવિષ્યને ઉજળું બનાવવા માટે નિયમિત રીતે સહયોગ આપી રહ્યાં છીએ, જેમાં શૈક્ષણિક સ્ટાફ પૂરો પાડવો, હોસ્ટેલ ખર્ચમાં સહભાગી બનવું અને સંપૂર્ણ સંચાલનને સહાય આપવી.

પ્રતુલભાઈ શ્રોફની આગેવાનીમાં KRSF સતત એ ખાતરી કરે છે કે, કોઈપણ બાળક માત્ર ભણે નહિ – પણ સફળતાના માર્ગે પણ આગળ વધે.

વિશેષ આભાર VSSM ટીમ અને હોસ્ટેલ સ્ટાફનો જેમના સતત સંઘર્ષ અને લાગણીએ આ સપનાને હકીકતમાં ફેરવ્યું છે.

શિક્ષણ એ દિવો છે. અને અમને ગર્વ છે કે KRSF એ દીવો પ્રજ્વલિત કરવામાં ભાગીદાર છે.

વિચારતા સમુદાય સમર્થન મંચ (VSSM) સાથે મળીને અમે અનેક બાળકો માટે અજવાળાની દિશા તરફ દરવાજા ખોલી રહ્યાં છીએ.

અમારું આશીર્વાદ અને સહકાર એમના ભવિષ્ય માટે સતત રહેશે.

# પહેલા તમે બદલાવ લાવો, પછી સંસ્થા બદલાશે



*KRSF ના પિલ્લરો*

અમદાવાદની KRSF ઓફિસ ખાતે બે દિવસીય લીડરશીપ ટ્રેનીંગ યોજાઈ, જેમાં નવા ટ્રેઈની મેનેજરો, મેનેજરો અને ક્લસ્ટર હેડ્સે ભાગ લીધો. શ્રી પ્રતિકસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપમાં લીડરશીપના મૂળ તત્વો જેવી કે ટીમનું માર્ગદર્શન, કાર્યનું યોગ્ય વિભાજન, સંવાદ કૌશલ્ય અને મોટિવેશનલ ટેકનિક્સ શીખવવામાં આવી. રમતગમત અને ગેમ્સ દ્વારા ટીમવર્ક, વિશ્વાસ અને કો-ઓર્ડિનેશન કેવી રીતે બાંધવું તે થીયરી અને પ્રેક્ટીકલ દ્વારા સમજાવવામાં આવ્યું. “Lead by Example” & “Rule of Thumb”નું મહત્ત્વ ઉપસ્થિત કરાયું અને સેલ્ફ-ડેવલપમેન્ટ માટે SWOT એનાલિસિસ તથા દૈનિક અનુસંધાન જેવી ટેક્નિક શીખવવામાં આવી.

આ ટ્રેનીંગ માત્ર જાણકારી આપતી નહિ, પણ દરેક નેતૃત્વકર્તાને પોતાના અંદરના લીડરને ઓળખવાની તક આપી. દરેક સભ્યે પોતાનું ૫ મહિનાનો એક્શન પ્લાન બનાવ્યો અને સંકલ્પ કર્યો કે પોતાની ભુમિકા દ્વારા સંસ્થા માટે પોઝિટિવ બદલાવ લાવશે.





*વ્યક્તિએ સતત શીખતા રહેવું જોઈએ એવું અમે માનીએ*

કોઈ પણ સંસ્થાનો વિકાસ તેના મુલ્યોના આધારે નક્કી થાય છે. KRSF એ ટીમ સાથે મળી સંસ્થાના પાયાના મુલ્યો તેમજ સંસ્થાનો DNA નક્કી કર્યો. મુલ્યો અને DNA અમારી સંસ્થાની કાર્ય કરવાની પધ્ધતિ દર્શાવે ને એનાથી સંસ્થાનું / કાર્યકર્તાઓનું જીવન ઘડતર પણ થાય.

## અમારા પાયાના મૂલ્યો




## સંસ્થાના DNA




Natural












reva gold

**Dr. K. R. Shroff Foundation**

9, Aaryans Corporate Park, Nr. Shilaj Railway Crossing,
Thaltej – Shilaj Rd, Thaltej, Ahmedabad, Gujarat 380059, India.

Email: info@krsf.in

Contact us 72270 64000

krshrofffoundation

Dr.K.R.Shroff.Foundation

DrKRShroffFoundation

krsf.in (English)
krsf.in/gu (Gujarati)